Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૭ · અંક : ૨૩ · તા. ૩૧ મે થી ૦૬ જૂન ૨૦૧૪ · વાર્ષિક લવાજમ ૫૦ · Regn.No. MH/MR/East/53/2012-14



## પ્રવચન પ્રભાવક પુ. મુનિશ્રી દેવ રત્નસાગરજીની દિવ્ય સ્મૃતિને વંદના



**કાળધર્મ : શુક્રવાર તા. 30-૦૫.૨૦૧૪**







પ્રેરક વાણીથી વધારી અચલગચ્છની શાન
મોક્ષગતિ પામજો, પામી કાળધર્મરૂપી પ્રકૃતિનું ફરમાન
સત્કર્મ પ્રેરશે આપની સ્મૃતિ ધ્રુવ તારક સમાન

- પ્રકાશ સમીક્ષા સમિતિ

**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**

ડૉ. વેલજી પાશ્વીર ગોસર

**''સમીક્ષા''**

સનત્ શાહ અને

ગોવિંદજી જીવરાજ લોડાયા

**''પ્રકાશ સમીક્ષા''**

સનત્ શાહ

**: તંત્રી :**

રાયચંદ આર. નાગડા

સહ તંત્રી :

ચંદ્રસેન મોમાયા

મો. 9324618606

**સમિતિ સભ્યો**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા

રાયચંદ રતનશી નાગડા

શરદ કાંતિલાલ શાહ (નાગડા)

કેશરસિંહ આણંદજી ખોના

તિલકચંદ કુંવરજી લોડાયા

કિરીટ ખેતશી મુનવર

કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા

હિરાચંદ દામજી દંડ

પંકજ પ્રતાપ શાહ

ચંદ્રસેન હીરાચંદ મોમાયા

શૈલેશ સનત્ શાહ

જયંત વિશનજી છેડા



**અંક નં. 23/2014**

**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**C/o. Shri. R. R. Nagda,**

**Advocate High Court**

29/41, Tamarind Lane,

Behind Poornima Restaurant,

Rajabahadur Comp,

Nr. Stock Exchange Bldg,

Fort, Mumbai - 400 001.

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત

શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર

સ્વીકાર માત્ર મંગળવાર સુધી

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**

www.prakashsamiksha.com

E-mail : kdoprakash@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.


# જ્ઞાતિ વસતિના ભારત ભરમાં ફેલાયેલા વસવાટનો જ્ઞાતિના સમાજ જીવન પર પ્રભાવ


**- પ્રવીણચંદ્ર શામજી ધરમશી (કોઠારા - સુરત)**


કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ ભારતભરમાં ફેલાયેલી છે. અમુક વિસ્તારોમાં જ્ઞાતિ વસતિની ઘનતા સારી છે, જ્યારે અમુક વિસ્તારોમાં સાવ પાંખી છે.

કોઈ પણ સમુદાયનું સમાજજીવન સારી રીતે ચાલે તે માટે જેતે વિસ્તારમાં તે સમુદાયની વસતિબળ - જનસંખ્યા અમુક પ્રમાણમાં હોય તે આવશ્યક છે. જ્યાં વસતિની ઘનતા સારી હોય ત્યાંની સમસ્યા જ્યાં વસતિ સાવ પાંખી હોય તેનાથી અલગ હોય છે. વ્યવહારિક રીતે જોઈએ તો જ્યાં વસતિની ઘનતા સારી હોય ત્યાં વ્યક્તિ સમાજ પાસેથી જે અપેક્ષા રાખતી હોય તે વત્તે ઓછે અંશે પુરી થતી હોય છે કે કમ સેકમ તે પુરી કરવા માટેના પ્રયાસો થતા હોય છે. જ્યાં વસતિ સાવ પાંખી હોય ત્યાં વ્યક્તિ સમુદાય પાસેથી અપેક્ષા રાખે તે માટેની પણ સાનુકુળતા નથી હોતી.

જ્યાં વસતિ પાંખી છે ત્યાંની જ્ઞાતિ સંસ્થાઓ કેટલાક કામો નથી કરી શકતી તે માટે આગેવાનોની ઘટતી નેતૃત્વ શક્તિને દોષ દેવામાં આવે છે. હકીકત કદાચ એવી પણ હોય કે ત્યાં શ્રેષ્ઠ નેતૃત્વ પણ પરિણામ ન લાવી શકે.

આટલી પ્રાથમિક સમજ બાદ વાસ્તવિક સ્થિતિની અને તેની અસરો સમજીએ.

રાજ્ય પ્રમાણે આપણી વસતિ વહેંચણી ઉતરતા ક્રમમાં સમજીએ તો મુંબઈમાં ૧૬૫૦૧ કે ૬૧.૫૨ ટકા જ્ઞાતિજનો વસે છે, ગુજરાતમાં ૩૪૧૪ કે ૧૧.૬૧ ટકા જ્ઞાતિજનો વસે છે, મુંબઈ સિવાયના મહારાષ્ટ્રમાં ૨૭૭૫ ટકા ૧૦.૩૫ ટકા, જ્ઞાતિજનો વસે છે, કર્ણાટકમાં ૧૫૦૫ કે ૫.૬૧ ટકા જ્ઞાતિજનો વસે છે, આંધ્રપ્રદેશમાં ૭૭૦ કે ૨.૮૯ ટકા જ્ઞાતિજનો વસે છે, મધ્યપ્રદેશમાં ૭૨૭ કે ૨.૭૧ ટકા જ્ઞાતિજનો વસે છે, તામિલનાડુમાં ૪૨૫ કે ૧.૫૮ ટકા જ્ઞાતિજનો વસે છે, છત્તિસગઢમાં ૨૨૭ કે ૦.૮૫ ટકા જ્ઞાતિજનો વસે છે, પશ્ચિમ બંગાળમાં ૧૨૧ કે ૦.૪૫ ટકા જ્ઞાતિજનો વસે છે, રાજસ્થાનમાં ૩૪ કે ૦.૧૩ ટકા જ્ઞાતિજનો વસે છે.

જ્ઞાતિના સમાજજીવનને વ્યવસ્થિત કરવા ઈ.સ. ૧૯૭૯માં ભરાયેલા બીજા જ્ઞાતિ સંમેલન વખતે મુંબઈ મહાજન અને પાંચ એકમો એવી સરચના કરવામાં આવી હતી. એ દ્રષ્ટિએ જોઈએ તો ૧૬૫૦૧ કે આશરે ૬૨ ટકા જ્ઞાતિજનો મુંબઈ જ્ઞાતિ મહાજનની હદમાં, ૩૩૨૪ કે આશરે ૧૨ ટકા જ્ઞાતિજનો દક્ષિણ ભારત એકમની હદમાં, ૨૭૭૫ કે

આશરે જ્ઞાતિજનો મહારાષ્ટ્ર એકમની હદમાં, ૧૯૩૯ કે આશરે ૭ ટકા જ્ઞાતિજનો પશ્ચિમ ભારત એકમની હદમાં, ૧૨૦૯ કે આશરે ૫ ટકા જ્ઞાતિજનો કચ્છ એકમની હદમાં તથા ૧૦૭૫ કે ૪ ટકા જ્ઞાતિજનો ઉત્તર ભારત એકમની હદમાં વસે છે.

આટલી આંકડાકીય માહિતી પછી આવી રીતે વહેંચણી હોવાથી પડતા સામાજિક પ્રભાવની વાત કરીએ.

આપણા મુળ વસવાટના કચ્છ પ્રદેશમાં જ્ઞાતિની વસતિ કુલ વસતિના માત્ર ૫ ટકા અને તે પણ તેમાંથી કચ્છમાંની વસતિના ગાંધીધામ - આદિપુરમાં ૬૯ ટકા અને ભુજમાં ૧૨ ટકા મળીને ૮૧ ટકા તો કચ્છના મુખ્ય શહેરોમાં રહે છે. મુળ વતન અબડાસા તાલુકાના અનેક ગામોમાં મળીને જ્ઞાતિની કુલ વસતિના ૫ ટકા માંના માત્ર ૧૯ ટકા અબડાસામાં વસે છે. જેને કારણે ત્યાંના દેરાસરો તથા અન્ય મિલકતનું સંચાલન મુશ્કેલ બન્યું છે.

મુંબઈ દેશની નાણાકીય રાજધાની કહેવાય છે તેથી અહીં જ્ઞાતિની ૬૨ ટકા વસતિને રહેવા માટે સાનુકુળતા છે. અહીંની બે મુખ્ય સંસ્થાઓ એટલે કે શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ અને શ્રી અનંતનાથ ટ્રસ્ટ પોતાની પ્રવૃત્તિ મુંબઈ પુરતી મર્યાદિત રાખે છે તેઓ જો જ્ઞાતિની મોભી સંસ્થા તરીકેની ફરજ બજાવે તો મુંબઈ બહાર દેસાવરમાં વસતા ૩૮ ટકાનું સમાજજીવન પણ સમૃધ્ધ થાય.

દેશાવરમાં વસતા ૩૮ ટકા જ્ઞાતિજનો પણ બેંગલોર, હૈદરબાદ, કોચીન, અમદાવાદ, વડોદરા, ભુજ, ગાંધીધામ, આદિપુર, રાયપુર, જેવા કેટલાક શહેરો બાદ કરીએ તો સાવ છુટાછુટા રહે છે એટલે ઘણી બાબત તો એક

**અગત્યની સુચનાઓ**

● પ્રકાશ સમીક્ષાને ઈ - મેલથી જાહેરાત / સમાચાર / મેટર મોકલ્યા પછી તેની અમને આ નંબર પર SMS એસ.એમ.એસ. દ્વારા જાણ કરવા વિનંતી. જેથી તેની નોંધ લઈ શકાય. મોબાઈલ નં. 9004165192. આ નંબર ફક્ત SMS એસ.એમ.એસ. સ્વીકારવા માટે જ છે.

● સમાચાર/ જાહેરાત માટે મોકલેલ મેટર અંગે સહતંત્રી શ્રી ચંદ્રસેન મોમાયાનો સંપર્ક કરવો. મો. ન. 9324618606 અંકો ન મળવા અંગે તેમને ફોન નહીં કરવા વિનંતી.

Please Note : Whenever you send news / advertisement / matter by email, please do send your sms for the same to us on Mob. ; 9004165192. This number is for receiving sms only.


**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | આર્ટ પેપર કલર | ન્યુજ ગ્લેઝ કલર | બ્લેક-વ્હાઈટ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 7,000/- | 5000/- | 4,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 4,000/- | 2600/- | 2250/- |
| પા પાનું | 77 x 111 mm | 2,500/- | 1400/- | 1250/- |
| ૧/૮ પાનુ | 77 x 54 mm | આર્ટ પેપરની બેપાનાની જાહેરાત મળે તોજ | 800/- | 700/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | | 400/- | 350/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

જા.ખ. મેટર મોકલવા સાથે જા.ખ. બ્લેક/વ્હાઈટ છે કે કલર છે, જા.ખ.ની સાઈઝ, જા.ખ.નું બીલીંગ નામ-સરનામું અને જરૂરી પેમેન્ટ સાથે મોકલવું અત્યંત આવશ્યક છે.

# કે.ડી.ઓ યુવા એક્સચેંજનો તખ્તો ગોઠવાયો

**મુંબઈ અને ચેન્નઈના શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજનો દ્વારા શ્રી તિલકચંદ કે લોડાયાની પરિકલ્પના પ્રમાણે** ૧૯ થી ૨૭ વર્ષ વય જથના અપરણિત કે.ડી.ઓને જ્ઞાતિ વસવાટના વિવિધ ગામોમાં મોકલવા માટેની પ્રાથમિક યોજના તૈયાર થઈ ગઈ છે.

પ્રાથમિક રૂપરેખા પ્રમાણે **તા. ૧૫, ૧૬, ૧૭ ઓગસ્ટ ૨૦૧૪**ના કેરલાથી ૧૫ યુવક - યુવતિ આંધ્રપ્રદેશ જશે, નાગપુરથી ૫ યુવક - યુવતિ ઈંદોર જશે, અમદાવાદ સિવાયના ગુજરાત તેમજ કચ્છ અને ઉદયપુરના ૫૫ યુવક - યુવતિ મુંબઈના પરા વિસ્તારમાં જશે, અમદાવાદના ૧૫ યુવક - યુવતિ ઈંદોર સિવાયના મધ્ય પ્રદેશમાં જશે, પુના - સોલાપુર - સાંગલી અને કરાડના ૧૪ યુવક - યુવતિ બંગલોર ક્ષેત્ર, ચેન્નઈ (તામિલનાડુ) રાયચુર - બેલારી જશે, રાયચુર અને બેલારી સિવાયના કર્ણાટક અને ગોવા પ્રાંતના ૩૧ યુવક - યુવતિ મુંબઈ જશે, ઈંદોરના ૫ યુવક - યુવતિ નાગપુર જશે, રાયપુરના ૫ યુવક - યુવતિ કલકત્તા જશે, અહમદનગર - અમલનેર - ઔરંગાબાદ - ચાલીસગાંવ - ધુળે - જલગાંવ - જાલના - ખામગાંવ - મલકાપુર - નાંદેડ - નાસિક - યવતમાલના ૪૭ યુવક - યુવતિ મુંબઈ આવશે.

પ્રાથમિક રૂપરેખા પ્રમાણે **૩, ૪ અને ૫ ઓક્ટોબર ૨૦૧૪**ના આંધ્રપ્રદેશના ૧૫ યુવક - યુવતિ કેરળ જશે, ઈંદોરના ૫ યુવક - યુવતિ નાગપુર જશે, મુંબઈના પરા વિસ્તારના ૫૫ યુવક - યુવતિ અમદાવાદ સિવાયના ગુજરાત - કચ્છ - ઉદયપુર જશે, ઈંદોર સિવાયના મધ્ય પ્રદેશના ૧૫ યુવક - યુવતિ અમદાવાદ જશે, બેંગલોર ક્ષેત્ર - ચેન્નઈ (તામિલનાડુ) રાયચુર - બેલારીના ૧૪ યુવક યુવતિ પુના - સોલાપુર - સાંગલી - કરાડ જશે, મુંબઈના ૩૧ યુવક - યુવતિ રાયચુર અને બેલારી સિવાયના કર્ણાટક અને ગોવાજશે, નાગપુરના ૫ યુવક - યુવતિ ઈંદોર જશે, કલકતાના ૫ યુવક - યુવતિ રાયપુર જશે, મુંબઈના ૪૭ યુવક - યુવતિ અહમદનગર - અમલનેર - ઔરંગાબાદ - ચાલીસગાંવ - ધુળે - જલગાંમ - જાલના - ખામગાંવ - મલકાપુર - નાંદેડ - નાસિક - યવતમાલ જશે.

સંબંધિત મહાજનોને ઉપરોક્ત રૂપરેખા પ્રમાણે એક બીજાનો સંપર્ક સાધી કાર્યક્રમને અંતિમરૂપ આપવા તથા કોણકોણ યજમાન થવાનું છે તેની વિગત એકબીજાને મોકલવા વિનંતી છે.

આવશ્યક હોય તો આયોજક મહાજનોના સબંધિત પ્રભારીઓ (ઈનચાર્જ) નો સંપર્ક સાધવો :

**<u>મુંબઈ મહાજન :</u>** ચેતન મોતા 09322282993, હેમાંગ ધરમશી 09820022638, કુમાર દંડ 09322680008.

**<u>ચેનઈ મહાજન :</u>** તિલકચંદ લોડાયા 09940636646, રાજેશ મોમાયા 09884149494, અમિત લાપસીયા 09444002800


શુભેચ્છાઓ સહ...

સાંધવ રત્ન

શ્રી મુલજી રાઘવજી લોડાયા

MRL Group of Companies

શુભેચ્છાસહ.....

શીતલ કોટન ટ્રેડર્સ

શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર

(રંગપુર-કોઈમ્બતુર)



ABDASA (KACHCHH) GAUSHALA TRUST

(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.



**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

।। શ્રી ચંદ્રપ્રભ સ્વામીને નમઃ।।

# SHETH NARSHI NATHA CHARITY TRUST FUND

## શેઠ નરશી નાથા ચેરીટી ટ્રસ્ટ ફંડ

(Trust Regd. No. A/1467, Maharashtra • Trust Regd. No. A/1150 Gujarat)
309 / 311, Narshi Natha Street, Kharek Bazar, Mumbai - 400 009. Tel.: 09819476325

**શેઠ નરશી નાથા ધર્મશાળા**
પાલીતાણા, જી. ભાવનગર, ગુજરાત
પીન - ૩૬૪ ૨૭૦
ફોન : (૦૨૮૪૮) ૨૫૨૧૮૬

**શ્રી ચંદ્રપ્રભજી તથા શ્રી શાન્તિનાથજી (વિર વસઈ ટુંક) નલીયા જૈન દેરાસરજી**
નલીયા, તા. અબડાસા, જી. કચ્છ. ગુજરાત
પીન - ૩૭૦ ૬૫૫ ફોન : (૦૨૮૩૧) ૨૨૨૩૨૭

।।ૐ હ્રીં શ્રીં ચંદ્રપ્રભ સ્વામીને નમઃ।। ।।નમો નમઃ ગુરૂ ગુણસાગર સુરયે।।

## શ્રી શત્રુંજય ગિરિરાજની ગોદમાં જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશીનાથા ધર્મશાળા મધ્યે

## ચાતુર્માસના વધામણા

**દેવગુરુધર્મોપાસકસાધર્મિકબંધુશ્રી,**

આપ સૌને જણાવતા અમને સહર્ષ આનંદ થાય છે કે પાલીતાણામાં દર વર્ષના નિયમ મુજબે ચાલુ વર્ષે શેઠ શ્રી નરશીનાથા ધર્મશાળાને ચાતુર્માસનો અણમોલ અવસર પ્રાપ્ત થયેલ છે.

તપસ્વી રત્ન અચલગચ્છાધિપતિ પ.પુ.સા.ભ.શ્રી ગુણોદયસાગર સુરીશ્વરજી મ.સા.ની. આજ્ઞા અને શુભ આશીષથી, સાહિત્ય દિવાકર પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભ સાગર સુરીશ્વરજી મ.સા.ની મંગલ કામનાથી સ્વાધ્યાયપ્રેમી પ.પુ.સા.શ્રી નરેન્દ્રશ્રીજી મ.સા.ના. શિષ્યા માતૃ હૃદયા - અધ્યાત્મ પ્રેમી પ.પુ.સા.શ્રી મહોદયશ્રીજી મ.સા. આદિ ઠાણા આપણને દ્વિમાસિક ચાતુર્માસની આરાધના કરાવવા પધારશે.

ચાર ગતિમાં ભમાડનાર ચાર કષાય અને ચાર કષાયને મંદ કરનાર ચાતુર્માસની આરાધના... તનને ભીંજવે વર્ષાનું પાણી... મનને ભીંજવે જિનવાણી..... તો આવો. ચાતુર્માસની આરાધના કરવા આપ સૌને અમારું હાર્દિક આમંત્રણ છે.

**ચાતુર્માસ પ્રવેશ તા. ૪.૭.૧૪ શુક્રવાર અષાઢ સુદ. ૮**

**અમ અંતરની એક જ આશ. ગુરૂજી પધારો ચાતુર્માસ**

જે ભાગ્યશાલીઓને દ્વિમાસિક ચાતુર્માસ અથવા પર્યુષણમાં આરાધના કરવાની ભાવના હોય તો નીચેના સરનામે તાત્કાલિક શ્રી નરશીનાથા ચેરીટી ટ્રસ્ટ ના મુંબઈ તથા પાલીતાણામાં કાર્યાલય જણાવવા વિનંતી.

**સોનામાં સુગંધ :** શ્રીયુત શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા શ્રી નવલ સોનરાય શ્રમણી વિહાર (પુરબાઈ) ધર્મશાળામાં નિઃશુલ્ક રહેવાની સગવડ દ્વિમાસિક ચાતુર્માસની આરાધના માટે આપવામાં આવશે. તો ભાગ્યશાળીઓએ આ અવસરનો લાભ લેવા વિનંતી.

ચાતુર્માસ દરમ્યાન વિવિધ તપ તથા દર રવિવારે યોજાનાર અનુષ્ઠાનના દાતાશ્રી ઓ આવકાર્યછે.

આ ચાતુર્માસ દરમ્યાન પુ. સાધ્વીશ્રી મ.સા.ના. પ્રવેશથી કરીને ચાતુર્માસ પુર્ણ થાય ત્યાં સુધી રહેવાની તથા સાધર્મિક ભક્તિની વ્યવસ્થા શેઠશ્રી નરશીનાથાની ધર્મશાળા માં રાખવામાં આવેલ છે.

આપ સૌને બહોળી સંખ્યામાં પાલીતાણા તીર્થમાં પધારવા નમ્ર વિનંતિ છે.

**લિ ટ્રસ્ટી મંડળ**

શ્રી મોતીચંદ લાલજી ખોના મો. 09833875335
શ્રી કલ્યાણજી ચાંપસી છેડા મો. 09892196425
શ્રી નરેશ ભવાનજી શાહ (મોમાયા) 09821156975
શ્રી પ્રતાપ પદમશી લાલકા 09769174780
શ્રી વિજય વર્ધમાન ખોના 09821027874
શ્રી સમીર લક્ષ્મીચંદ નાગડા 09320051311
શ્રી વિરેન્દ્ર ભવાનજી લોડાયા 09821073830
મહેતા શ્રી નવિનચંદ મુલચંદ દંડ (પાલિતાણા) 09426978985
શ્રી હિરાચંદ નાગશી નાગડા મુંબઈ 09819476325

રાજ્યમાંના જ્ઞાતિજનોને વરસમાં બે-ત્રણ વખત ભેગા કરવાનું ય બનતું નથી.

જ્ઞાતિ વસતિના આ પ્રકારના ફેલાવાને ધ્યાનમાં રાખી પ્રથમ સંમેલન પછી મુળે મુંબઈની હદમાંના ગણાતા દેશાવરના ભલા માટે મધ્યસ્થ મહાજનની સ્થાપના કરવામાં આવી હતી અને તે મહાજનના કામકાજમાં સહયોગ આપવાની જવાબદારી મુંબઈ જ્ઞાતિ મહાજનને સોંપવામાં આવી હતી.

ત્રીજા સંમેલન પછી સમસ્ત મહાજન બનાવાયું હતું પણ તે લાંબો સમય સુધી નિષ્કીય રહ્યું અને હજી પણ મર્યાદિત પ્રતિકાત્મક કામો જ કરે છે.

આવી સ્થિતીમાં જ્ઞાતિના એકંદર સમાજ જીવનનું સારી રીતે સંચાલન કરવા તથા તેને સમૃધ્ધ બનાવવા નીચેની અપેક્ષા અસ્થાને નહીં ગણાય.

૧. મુંબઈ મહાજન વસતિની ઘનતા તથા સમૃધ્ધિની દ્રષ્ટિએ જ્ઞાતિનું મોભી મહાજન છે અને રહેશે તેણે આખી જ્ઞાતિનું ધ્યાન રાખવું જોઈએ.

૨. એકમનો ખ્યાલ ઘણો સારો હતો - છે. પણ તે સમાજજીવનનું સારી રીતે સંચાલન કેવી રીતે કરી શકે એ બાબત વધુ વિચારણા થવી જોઈએ.

૩. સમસ્ત મહાજનનો ખ્યાલ સારો છે પણ તે પોતાનો પ્રભાવ પાડી શકતું નથી. તેને એક મર્યાદિત, પ્રાસંગિક અને ઔપચારિક અસ્તિત્વથી આગળ લઈ જવા વિચારણા થવી જોઈએ.

૪. કચ્છના જે અબડાસા ભાગમાં જ્ઞાતિનો મુળ વસવાટ હતો ત્યાંના સ્થાનિક મહાજનો વધુને વધુ નબળા પડતા જવાના છે તેથી એક સહિયારું અબડાસા મહાજન રચી ત્યાંની મિલકત અને સમાજજીવનની વ્યવસ્થા તેને સોંપવી જોઈએ. ગામે ગામ અતિથીગૃહ અને બીજી વ્યવસ્થા કરવાને બદલે કોઠારા - નલીયા - તેરા - જખૌ - સુથરીમાં જ તેવી વ્યવસ્થા હોવી જોઈએ.

૫. કચ્છ - દેસાવરના સ્થાનિક મહાજનોની ભુમિકા મર્યાદિત થઈ રહી છે પણ જો એકમ અને સમસ્ત મહાજનના નેજા હેઠળ તેમને ચેતનવંતા બનાવવા - રાખવાનો પ્રયત્ન કરવામાં આવે તો તે ઓ ઘણી મહત્વની ભુમિકા ભજવી શકે તેમ છે.

સમાજમાં એટલું જ કહેવાનું કે જ્ઞાતિની વસતિની વહેંચણીએ પડકાર રૂપ સમસ્યાઓ ઊભી કરી છે. આ લેખનો ઉદ્દેશ્ય જ્ઞાતિ સંસ્થાઓ સારી રીતે કામ નથી કરતી એવી ફરિયાદ કરવાનો નહીં. પણ આ પ્રકારે જ્ઞાતિ વસતિની વહેંચણી થઈ હોય અને તેને કારણે વિશેષ પડકાર ઊભા થતા હોય ત્યારે તેમણે શું શું કરવું જોઈએ અને કેવી ભુમિકા ભજવી જોઈએ તે અપેક્ષાને દર્શાવવાનો છે.

આશા છે કે આ બાબતમાં હકારત્મક વિચાર વલોણું થશે.

**પાસ થયા અભિનંદન**



**ચિ. નેહા મહેશ મોતા**

**(જલગાંમ - કુવાપધર)**

F.Y.B.Tech (E & TC) (F. Y - 2013 -14)
S.G.P.A. - Points, Sem - Ist 8.85/10
Sem - IInd 8.82/10,
C.G.P.A. - Points
Final - 8.83/10


**અસલ કલા-કસબનો સમન્વય**

**જ્યોતિ** સિલ્ક સાડી એમ્પોરીયમ

Sachi Jari maate real nam

સાડીઓ • ચણીયાચોળી • ઘરચોળા • બોર્ડરો
પાનેતર • બાંધણીઓ મનભાવન ડીઝાઈનો,
શ્રેષ્ઠ ક્વાલીટી અને વ્યાજબી ભાવ...

૧૩૪/૩૬, બીજે માળે, ઝવેરીબજાર, ખારાકુવા સામે,
મુંબઈ- ૦૨. Tel. : 22413995 / 22402786

સેમ્પલ પીસનું ક્લીયરન્સ ચાલુ છે

# AB KI BAAR, YUVAA BAHAAR

**KDO YOUTH AMBASSADORS' EXCHANGE PROGRAMME- 2014**
**JOINTLY ORGNAIZED BY**
**SHRI KDO JAIN MAHAJANS OF MUMBAI & CHENNAI**
**(As Conceptualised by Shri Tilakchand K. Lodaya, Chennai)**

**THE HISTORICAL EXCHANGE PROGRAMME**
**FROM CITY DISTS. (VICE-VERSA) TO CITY DISTS**

**DATES & DETAILS**
**For KDO unmarried youngsters between the age group of 19 to 27.**

| From City Dists. | No. | 15,16 &17 Aug' 2014 | 3, 4 & 5 Oct' 2014 | To City Dists. | No. |
|---|---|---|---|---|---|
| Kerala | - 15 | → | ← | Andhra Pradesh | - 15 |
| Nagpur | - 5 | → | ← | Indore | - 5 |
| Gujarat (except Ahmedabad), Kutch & Udaipur. | - 55 | → | ← | Mumbai City Districts | -55 |
| Ahmedabad | - 15 | → | ← | Madhyapradesh (except Indore) | - 15 |
| Pune, Solapur, Sangli, Karad | -14 | → | ← | CBE, Chennai (TN) Raichur, Bellary | - 14 |
| Karnataka & Goa (except Raichur & Bellary) | - 31 | → | ← | Mumbai | - 31 |
| Indore | - 5 | → | ← | Nagpur | - 5 |
| Raipur | - 5 | → | ← | Kolkatta | - 5 |
| Ahmed Nagar, Amalner Aurangabad, Chalisgaon, Dhule, Jalgaon, Jalna, Khamgaon, Malkapur, Nanded, Nasik & Yavatmal. | - 47 | → | ← | Mumbai | - 47 |

The addresses and contact numbers of all City Districts have been sent to all Mahajans. The Mahajans of respective City Districts have to contact the office bearers of the Host / Guest City Districts and finalize the exchange programme respectively.

**Contact Details:**

| **Mumbai Mahajan :** | | **Chennai Mahajan :** | |
|---|---|---|---|
| Shri Chetan Mota : | 93222 82993; | Shri Tilakchand Lodaya: | 99406 36646; |
| Shri Hemang Dharamshi: | 98200 22638; | Shri Rajesh Momaya: | 98841 49494 |
| Shri Kumar Dand : | 93226 80008. | Shri Amit Lapasya: | 94440 02800 |

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ વસતિપત્રક સમિતિ

જ્ઞાતિના ૮માં વસતિપત્રકના પ્રકાશનની તૈયારીઓ અંતિમ તબક્કામાં છે. જ્ઞાતિજનોને પોતાના ફોર્મ ભરેલ તે બાદની કુટુંબમાં ફેરફારની વિગતોમાં તેમના તરફથી મળેલ માહિતી કે જ્ઞાતિપત્રોમાં આવેલ વિગત મુજબ ફેરફાર કરાવાય છે. પરંતુ કેટલાક જ્ઞાતિજનો આળસને કારણે ફેરફાર વખતસર નોંધાવતા નથી. તેથી કેટલીક વિસંગતિઓ જણાઈ છે. **હાલમાં સમસ્ત મહાજનશ્રી દ્વારા જ્ઞાતિજનોને અકસ્માત મરણ માટે ગ્રુપ વીમા યોજના દાખલ કરાઈ છે. જેનો લાભ વ.પ.માં. નોંધાયેલા જ્ઞાતિજનોનેજ મળશે તેની નોંધ લેશોજી.**

અત: જ્ઞાતિજનોને વિનંતી છે કે,

આપના કુટુંબની જન્મ, મરણ, સગપણ, લગ્ન, છુટા છેડાની વિગતો જ્ઞાતિપત્રોમાં સમયસર જણાવો.

ઉપર મુજબના ફેરફારની વિગતો વ.પ.સમિતિ ને જરૂરથી જણાવો. (છુટાછેડાની વિગત સબંધિત કાયદાકીય કાગળો સાથે મોકલવી)

જે જ્ઞાતિજનોના નામ વ.પમાં. આમેજ થયા નથી તેમને તુરંત ફોર્મ ભરી જ્ઞાતિનાં સેન્સસ રજીસ્ટરમાં નોંધણી કરાવી સમસ્ત મહાજનની અકસ્માત મરણ વીમા યોજના કે જ્ઞાતિની અન્ય સુવિધાનો લાભ લેવા વિનંતી છે.

ઉપરોક્ત વિગતો પત્ર કે ઈ-મેઈલથી મોકલવી વ.પ. સમિતિ kdovasti@gmail.com વ.પ.સમિતિની વેબસાઈટ www.kdovp.com પર પણ આપ વિગતો ચેન્જ ફોરમેટમાં નોંધાવી શકો છો.

આપે ફોર્મ ભરેલ હોય તે પછી કુટુંબના સભ્યોના વ્યવસાય, અભ્યાસ (૯મી થી ગ્રેજ્યુએટ કે વધારે) સગપણ, લગ્ન, મૃત્યુ અંગે થયેલ ફેરફાર બાબતે, આપે વેબ પર રજીસ્ટર થયા હો તો જરૂરથી ફેરફાર કરી લેશો અથવા અમને જણાવશો કે જેથી જરૂરી સુધારા કરી શકાય અને જ્ઞાતિના સ્ટેસ્ટિકલ એનાલિસીસમાં જરૂરી સમાવેશ કરી શકાય.

**તા.ક. અમારી પાસે ઉપલબ્ધ વિગત અનુસાર જ વિગતો છાપવામાં આવશે.**

Add : C/o. Joy Homes, CHS Ltd., Ground Floor, Opp. Adinath Tower, Near Dena Bank, L.B.S. Marg, Bhandup (W), Mumbai - 400078. Contact No. 09920855259 / 09619343793

## કે.ડી.ઓ. કલાસીક કચ્છી નવ વર્ષ ઉજવણી

કે.ડી.ઓ. ક્લાસીક દ્વારા કચ્છી નવ વર્ષ અષાઢી બીજની ઉજવણી શનિવાર તા. ૨૮.૬.૧૪ના સાંજે માટુંગાની ગુજરાત ક્લબ ખાતે થશે. શ્રી નરેન્દ્ર ગડાના માર્ગદર્શનમાં થનારી આ ઉજવણીના વિશેષ આકર્ષણ હશે કચ્છી ખાણી - પીણી અને પરંપરાગત ડ્રેસ હરિફાઈ.



## પ્રવચન પ્રભાવક મુનિ શ્રી પુ. દેવરત્ન મ.સા. સ્મૃતિ શેષ થયા

અચલગચ્છ સંઘમાં પ્રવચન પ્રભાવક તરીકે પ્રખ્યાત મુનિશ્રી પુ. દેવરત્ન મ.સા. શુક્રવાર તા. ૩૦.૫.૧૪ના કાળધર્મ પામ્યા તેમના દેહાંતના સમાચારથી સમસ્ત જૈન સમુદાયે આઘાત અનુભવ્યો.

તેમની પાલખી થાણાના ચંદ્રપ્રભુ દેરાસર ઉપાશ્રય ખાતેથી તા. ૩૧.૦૫.૧૪ના સ્થાનિક સંઘના સંચાલનમાં શ્રી અચલગચ્છ વિધિપક્ષ જૈન સંઘ ના નેજા હેઠળ દ્વારા સંપન્ન થઈ હતી.

# ક.દ.ઓ. મહિલાઓ નાણાકીય બાબતોમાં હોંશિયાર બનો! ભાગ - ૨

*TILAKCHAND K. LODAYA (Chennai) Mob.: +91 99406 36646 Email :ourbrotherhood@yahoo.co.in*

**મહિલાઓને નાણાકીય બાબતોની જાણકારી - તાલીમ આપવાની પુરુષ સગાંઓની ફરજ છે.**




કે.ડી.ઓ. મહિલાઓ નાણાકીય બાબતોથી અજાણ હોય કે એ બાબત પોતાની નજીકના પુરુષો પર નિર્ભર રહેતી હોય અને તેને કારણે તેને નુકસાન વેઠવું પડતું હોય એ સ્થિતિ ટાળવાનો કોઈ ઉપાય છે ખરો? એવો ઉપાય કે જે કે.ડી.ઓ. મહિલાઓને કૌટુંબિક નાણા વ્યવસ્થામાં નિપુણ બનાવે તેમજ તેમના તથા તેમના પરિવારોના જીવનનો સુનિશ્ચિત બનાવે. ઉપાયોની વાત કરવા પહેલાં હું ભારપુર્વક કહીશ કે કે.ડી.ઓ. મહિલાઓ નાણા વ્યવસ્થામાં નિપુણ બની પોતાનું અને કુટુંબનું જીવન સુનિશ્ચિત બનાવી શકે છે. હું એવી ઘણી કે.ડી.ઓ. મહિલાઓને જાણું છું જેમણે પતિનું નાની વયમાં મૃત્યુ થયા બાદ કુટુંબની નાણાકીય વ્યવસ્થા સંભાળી પોતાનું અને પરિવારનું જીવન સુનિશ્ચિત બનાવ્યું હોય.

કે.ડી.ઓ મહિલાઓને આવા પડકાર ઝીલવા માટે સક્ષમ બનાવવા માટેનીચેના મુદ્દા મહત્વના છે.

સૌથી પહેલી વાત તો એ કે મહિલાઓએ એવી જરી પુરાણી માન્યતા અને ધોરણ છોડી દેવા જોઈએ કે તેમનું કામ કુટુંબની કાળજી લેવા પુરંતુ મર્યાદિત છે અને તેમનાથી કુટુંબની નાણાકીય બાબતમાં માથું મરાય નહીં. જો તેમના પતિ તેમનો નાણાકીય બાબતોમાં સક્ષમ બનાવવાની વાત કરે તો તેમણે ન તો સંકોચ દાખવવો જોઈએ કે 'મને આમાં ખબર ન પડે' એમ કહી બધું તેમના પતિઓને ભરોસે ન છોડવું જોઈએ. આવું વલણ મુર્ખામી ભર્યું છે અને ભવિષ્યમાં એનાથી મુશ્કેલી ઊભી થઈ શકે.

નાણા વ્યવસ્થાની પાયાની વાતો જણવા - સમજવા મહિલાઓએ સગાં, મિત્રો, નાણાકીય સલાહકારોની મદદ લેવી જોઈએ એટલું જ નહીં સામાયિક, ટીવી વગેરેમાંથી પણ ઘણી ઉપયોગી જાણકારી મળતી હોય છે તે લેવી જોઈએ.

એવું જરૂરી નથી તેમણે આ બધી બાબતો અંગે વિગતે અભ્યાસ કરવો જોઈએ. મુદ્દો એ છે તેમને સામાન્ય જાણકારી હોવી જ જોઈએ. જો આ સબંધી લાભ તેઓ સમયસર ન ઉઠાવે તો મૂશ્કેલી આવે તેમણે પોતાની જાતને જ દોષ દેવો જોઈએ.

૨. સંશોધનો બતાવે છે કે સ્ત્રીઓ પુરુષો કરતાં સારી નાણા વ્યવસ્થા કરનાર બની શકે છે. કદાચ આત્મવિશ્વાસનો અભાવ તેમની સૌથી મોટી સમસ્યા છે પણ આ વાત તેમને વધુને વધુ તપાસ કરવા તરફ દોરી જવી જોઈએ.

મહિલાઓ સ્વભાવે સાવધાન હોય છે અને એટલા માટે તેઓ ઓછામાં ઓછું જોખમ ઉઠાવવા ચાહે છે.

---

## જાહેર અ. સામાન્ય સભા નોટીસ

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન વરાડીયા**

**રવિવાર તા. ૨૨.૦૬.૨૦૧૪ બપોરના ૩ કલાકે**

**એજંડા**

**૧. ગત સભાની મીનીટ્સનું વાંચન તથા બહાલી**

**૨. જીર્ણોધર બાબતનો અહેવાલ**

**૩. ભોજનાલય તથા અતિથીગૃહ નિભાવ ફંડ બાબત ચર્ચા વિચારણા કરી ઘટતું કરવા બાબત.**

**૪. અન્ય કાર્યવાહી પ્રમુખશ્રીની સહમતીથી**

**નોંધ : કોરમના અભાવે મુલતવી રહેલ સભા, એજ દિવસે એજ સ્થળે ૩૦ મીનીટ પછી મળશે, જેને કોરમની આવશ્યકતા નહિં રહે.**

**સભા સ્થળ : વીરજી જીવરાજ મેપાણી હોલ, દેવપુંજ બિલ્ડીંગ, વાલજી લધા રોડ, મુલુંડ (વે) મુંબઈ - ૪૦૦૦૮૦**

**લિ. શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ અને મહાજન ફંડસ ટ્રસ્ટ વતિ - ટ્રસ્ટીગણ**

વધુમાં કૌટુંબિક લાગણીઓ તેમને લાંબા ધ્યેયને ધ્યાનમાં રાખવા પ્રેરે છે. આ કારણસર બાળકોના ભણતર અને લગ્ન હમેંશા તેમની અગ્રતા રહે છે.

મહિલાઓની આ કુદરતી ક્ષમતા કુટુંબ અને સમાજના ભલા માટે શા માટે ઉપયોગમાં ન લાવવી?

૩. મહિલાઓને નાણા વ્યવસ્થા બાબત વધૂ જાણકારી ન હોય તો તેમના પતી નીચેની બાબતોનું ધ્યાન રાખી તેમને તાલીમ અને પ્રેરણા આપી શકે.

(ક) તેમના નામે બેંક ખાતું ખોલાવી તેમને પોતાની મેળે તેનું સંચાલન કરવા પ્રેરવી.

(ખ) મહિલાઓને સમજાવવું જોઈએ કે નાણા અનેકગણા વધારવા માટે તેને કમાવવાના કામે લગાડવા જરૂરી છે અને આને માટેના વિવિધ વિકલ્પો અજમાવવા જોઈએ.

તેમને સમજાવવું જોઈએ કે નાણાની જે રકમ ઘરમાં પડી રહીને એટલી જ રહે છે તે બેંકના બચત ખાતામાં પણ વર્ષના ૩ - ૪ ટકા વ્યાજ રળે છે અને કેટલાક વિકલ્પોમાં તોતે વર્ષના ૨૪ ટકા જેટલા રળી શકે છે.

એવું નથી કે કમાવવાના પ્રયત્નોમાં દર વખતે ફાયદો થાય જ એટલા માટે નાણાવ્યવહારનું ડહાપણ કેળવી મળનારા લાભ વધારેને વધારે કરી શકાય છે.

આટલી સમજાણ આપ્યા પછી મહિલઓને પોસ્ટ ઓફિસ બચત, મ્યુચ્યુઅલ ફંડસ, પબ્લિક પ્રોવીડંડ ફંડ, કંપની ડિપોઝીટ, ટેક્સ ફ્રી બોંડ, સોના - ચાંદી - શેરમાં રોકાણ, વીમા પોલસીમાં કે દુકાન - ફ્લેટ આદિમાં રોકાણ તથા ખાનગી ધીરધાર વગેરે વિકલ્પોથી પરિચિત કરાવીને તેનું સંચાલન કરવાનો અનુભવ આપવો જોઈએ.

(ગ) પરુષ સગાએ શરૂઆતમાં મહિલાઓ સાથે બેંક, પોસ્ટ ઓફિસ, જીવન અને આરોગ્ય વીમા એજન્ટ, શેર દલાલ તથા નાણાકીય સલાહકાર પાસે સાથે જઈને તેમને નાણાકીય વિશ્વનો પરિચય કરાવવો જોઈએ.

(ઘ) પરુષ સગાએ મહિલાઓને તેમના સારા


## બહારગામ વસતા ગદગ નિવાસીઓ

નમ્ર નિવેદન

**શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જિનાલયનાં શતાબ્ધી મહોત્સવ** પ્રસંગે પધારવા ભાવભીનું આમંત્રણ આપીએ છીએ. (તા. ૨-૮-૧૪ થી ૬-૮-૨૦૧૪).

જેમની અને જેમનાં વડિલોની જન્મભૂમિ અથવા કર્મભૂમિ ગદગ રહેલ હોય તેવા ગદગ નિવાસીઓને સમાજ પ્રત્યેનું ઋણ ચૂકવવાનો સુવર્ણ અવસર આવેલ છે.

નીચે મુજબની યોજના હેઠળ આપશ્રી યથાશક્તિ લાભ લઈ શકો છો. અન્ય યોજનાઓ પણ ઉપલબ્ધ છે.

| | |
|---|---|
| ૧. શતાબ્ધી મહોત્સવનાં લાખેણા દાતા | ૧,૧૧,૦૦૦/- |
| ૨. શતાબ્ધી મહોત્સવનાં આધાર સ્થંભ | ૫૧,૦૦૦/- |
| ૩. શતાબ્ધી મહોત્સવનાં સુર્વણ દાતા | ૨૫,૦૦૦/- |
| ૪. શતાબ્ધી મહોત્સવનાં રજત દાતા | ૧૧,૦૦૦/- |
| ૫. શતાબ્ધી મહોત્સવનાં સહાયક દાતા | ૫,૦૦૦/- |

**લિ. શ્રી ક.દ.ઓ. જૈન મહાજન, ગદગ**

**શ્રી નવીનચંદ શામજી લાલકા**
પ્રમુખ - 09945667500

**શ્રી હરિશ શિવલાલ મુનવર**
ઉપ પ્રમુખ - 09341319295

**શ્રી સતીશ પ્રવીણચંદ લુઠીયા**
સેક્રેટરી - 09845258214

**શ્રી સુધીર જવેરચંદ સોની**
જો-સેક્રેટરી - 09886198868



## બાયઠ કચ્છી ઓશવાળ જૈન મહાજન ટ્રસ્ટ
## ચાલો બાયઠ ગામ....

**પર્વાધિરાજ પર્યુષણની ઉજવણી કરવા બાયઠવાસીઓ તથા નીયાણી બહેનોને આમંત્રણ આપીએ છીએ. આવવા જવાનું તથા આઠ દિવસ રહેવાનું જમવાનું ફ્રી ઓફ ચાર્જ રાખવામાં આવેલ છે.**

**ટીકીટ માટે ડિપોઝીટ રૂ.૫૦૦/- આપવાના રહેશે જે બાયઠ પહોચતાં પરત આપી દેવામાં આવશે. નામ લખવાની છેલ્લી તારીખ ૧૮/૬/૧૪ મુંબઇ થી ભુજ તરફ પ્રસ્થાન તા.૨૧/૮/૧૪ અને પાછા ભુજ થી મુંબઇ તરફ પ્રસ્થાન તા.૨/૯/૧૪**

**લિ. બાયઠ ક.દ.ઓ. જૈન મહાજન ટ્રસ્ટ ના પ્રમુખ શ્રી ઠાકરશી મેઘજી ગોસર**

**ટિકિટ માટે સંપર્ક :-**
**ગુલાબ વે. પોલડીયા - 09975327772**
**લક્ષ્મીચંદ લા. પોલડીયા- 09930008339**
**નવિન ના. ધુલ્લા- 09869524949**

# જૈન ધર્મ તત્વજ્ઞાનનો અભ્યાસ
## મુંબઇ યુનીવર્સીટી
### ડીપાર્ટમેન્ટ ઓફ ફીલોસોફી

જ્ઞાનેશ્વર ભવન, વિદ્યાનગરી, કાલીના, સાંતાક્રુઝ (ઇ), મુંબઇ - ૪૦૦ ૦૯૮.

**૧૯૯૬ થી ચાલતા આ કોર્સમાં ૨૫૦૦ થી વધારે વિદ્યાર્થીઓએ લાભ લીધેલ છે.**

**પાર્ટ ટાઇમ સર્ટીફીકેટ કોર્સ**

અઠવાડીયામાં એક દિવસ, ૪ કલાક, એક વર્ષનો કોર્સ, હાલમાં આ કોર્સ શકુંતલા સ્કુલ (મરીન લાઇન્સ), કાલીના કેમ્પસમાં (સાંતાક્રુઝ, ઇસ્ટ) એમ.કે.હાઇસ્કુલ(બોરીવલી, વેસ્ટ) અને ઘાટકોપર સેન્ટરમાં ચાલે છે.

લઘુત્તમ લાયકાત : ૧૨ મી પાસ અથવા જુની એસ.એસ.સી પાસ, કોર્સની ફી : રૂા. ૧૬૫૦/-.

**આપણા સમાજના નીચેના વિદ્યાર્થીઓએ આ અભ્યાસક્રમ કરેલ છે.**



**Ruchi Shah**
**Certificate**

### વિશેષતા

- ★ સરળ ભાષામાં પરીક્ષા (અંગ્રેજી,ગુજરાતી, હિન્દી કે મરાઠી)
- ★ વિદ્વાન શિક્ષકો દ્વારા અભ્યાસ ★ સમૃદ્ધ લાયબ્રેરી
- ★ જૈન વિષયક - પીકનીક ★ સેમીનાર, વર્કશોપ, પ્રોજેક્ટ

આ ઉપરાંત જૈન તત્વ દર્શનમાં પાર્ટ ટાઇમ ડીપ્લોમાં, MA, M.Phil. અને Ph.D. ના અભ્યાસક્રમ ઉપરોક્ત ડીપાર્ટમેન્ટ દ્વારા ચાલી રહ્યા છે.

**જૈન ધર્મના તત્વના હાર્દને સરળ ભાષામાં જાણવાની અમુલ્ય તક**

**વિશેષ વિગત અને નવા વર્ષના એડમિશન માટે તુરતજ સંપર્ક**

| | | | | |
|---|---|---|---|---|
| મરીન લાઇન્સ | : પ્રીતિ શાહ | 9820000138 | ભરત વીરાણી | 9869037999 |
| સાંતાક્રુઝ | : ડૉ. કામીની ગોગરી | 9619379589 | શીલ્પા છેડા | 9323980615 |
| બોરીવલી | : જીતેન્દ્ર દોશી | 9323237134 | રીટા સંઘવી | 9324635583 |
| ઘાટકોપર | : પ્રીતિ શાહ | 9869518747 | ભરત પારેખ | 9619648777 |

**સૂત્રધાર : ડૉ. બિપીન દોશી**

નાણાકીય નિર્ણયો માટે દાદ દેવી જોઈએ અને ક્યારે પણ તેમની ભુલો માટે તેમની નિંદા કરવી ન જોઈએ. ભુલો કરીને જ શીખાય છે, પુરુષ સગાં પણ ભુલો કરો અને શીખોની નીતિથી જ આગળ વધ્યા હોય છે.

(ચ) ઘરમાં નાણાકીય બાબતોની લોકશાહી ઢબે (બધાને શામેલ કરતા) ચર્ચા કરી કુટુંબના છોકરા - છોકરી બન્નેને નાણાકીય જાણકારી તથા નાણાકીય કૌશલ્ય નાની વયે મેળવવા પ્રેરવા જોઈએ છે.

(છ) એક વખત મહિલાઓ નાણાકીય બાબતો અંગે પાયાની વાતો શીખી લે તે પછી તેઓ જે કરવા માંગતી હોય અને જે નિર્ણયો લે તેની વાતચીતમાંથી પુરુષ સંગાઓને પણ ઘણી રસપ્રદ વાત જણાવા મળી શકે છે, તેમની પોતાની જાણકારી સમૃધ્ધ થઈ શકે છે.

(જ) મહિલાઓ નાણાકીય બાબતો અંગેની નિપુણતા મેળવી લે તે પછી પુરુષ સગાંઓ એ બાબતોના નિર્ણયો લેતી વખતે તેમની સલાહ લે એ યોગ્ય છે.

(ઝ) મહિલાઓને નાણાકીય બાબતોએ સજ્જ કરીને કૌટુંબિક નાણા વ્યવસ્થાને સંયુક્ત જવાબદારી તરીકે ગણવી જોઈએ. ચુકવણીની જવાબદારીની વાત હોય કે રોજિંદી આવક - જાવકનો વિચાર, તેમને શામેલ કરવાનું ફાયદાકારક રહે છે.

(ત) મા - બાપોએ પોતાના બધા સંતાનોને નાણા વ્યવસ્થાની કેળવણી આપવી જોઈએ. ઘણી વખત એવું થાય છે કે એક દીકરાને આની પુરી તાલીમ અપાય છે જ્યારે બીજા સંતાનો આ બાબત અજાણ રહી જાય છે. આ કુટુંબ માટે નુકસાનકારક તથા બીજા સંતાનોને અન્યાય છે.

(થ) જો પતિ - પત્ની બન્ને કમાતા હોય તો ભાવિ વિશે બન્નેએ એક બીજાને વાત કરીને આયોજન કર્યું હોય તો ઘર નાણાકીય રીતે જલ્દી અને સારી રીતે સધ્ધર બને છે. પતિ - પત્ની એ નાણાકીય ધ્યેયો સાથે મળીને નક્કી કરવા જોઈએ અને તે પ્રાપ્ત કરવા અંગે કોણ કેટલો ફાળો, કેવી રીતે આપશે તેનું પણ વ્યવસ્થિત આયોજન થવું જોઈએ. પતિ - પત્ની પોતાના નાણાનું સાથે મળીને આયોજન કરે તો તે આખા કુટુંબ માટે લાભકારી રહેશે. આમ કરવાથી જીવન વીમાનું વિસ્તૃત છત્ર મેળવી શકાય અને ઘરની લોન પર પણ વધુ છુટ મેળવી શકાય કમાતા પતિ - પત્ની રોકાણોની કાળજી તથા બીલોની ચુકવણી વિશેની નાણાકીય જવાબદારીઓની ફાળવણી કરવાનું પણ વિચારી શકે. પતિ - પત્નીમાંથી જે કોઈ વધુ નાણા સહિયારા સ્ત્રોત્રમાં લાવે તે સ્વાભાવિક રીતે ઘરની નાણાકીય બાબતોમાં રસ પણ વધુ લેશે.

૪. મહિલાઓએ મહિલા મંચની મિટીંગો, કિટી પાર્ટી, સામાજિક મેળાવડા અને મંડલોમાં પણ નાણાકીય બાબતો તથા એ સંબંધે મહિલાઓની સિધ્ધિઓ બાબત ચર્ચા - વિચારણા કરવી જોઈએ. મહિલાઓની મુલાકાતોમાં વાનગીઓ, સારું ખાવાનું મળતું હોય તેવા સ્થળ, ફેશન, ઘરેણા અને નોકરો વિશેની વાતચીતોની સાથે નાણાકીય બાબતોની પણ વાતચીત થવી જ જોઈએ.

મેં જોયું છે કે જે મહિલા નાણાકીય બાબતો સંભાળવામાં હોંશિયાર હોય તે આવી મહિલા - મીટીંગોમાં પણ મહત્વની ભૂમિકા ભજવે છે.

એક મહિલાની નાણાકીય બાબતોની જાણકારી અને તે સંભાળવા બાબતની સિધ્ધિ બીજી મહિલાઓને પણ તેમાં રસ લેતી કરશે.

હું. એવા કીટી ગ્રુપ વિશે જાણું છું જ્યાં એક મહિલાએ સાતેક વર્ષા પહેલાં સોનામાં રોકાણ માટે ફાળો ઉઘરાવવાની યોજનાનો સ્વીકાર કરાવ્યો. આના પરિણામો આ ગ્રુપની મહિલાઓ સહજતાથી સસ્તે ભાવે ૮૦ ગ્રામ જેટલું સોનું એકઠું કરી શકી.

૫ મહિલાઓએ ભાવિ મુશ્કેલીઓ ટાળવા માટે તેમના બધા બેંક ખાતા, બીજી નાણાંકીય બાબતો અને વીમા સંબંધી બાબતોમાં નોમીનેશન એટલે કે ઉત્તર અધિકારી નીમવાનું ધ્યાન રાખવું જોઈએ.

૬ મહિલાઓએ યોગ્ય વસીયતનામું પણ બનાવી રાખવું જોઈએ. આજકાલ તો હવે પાસવર્ડ (સાંકેતિક શબ્દ) , કોડસ (ઉપયોગ માટેની સાંકેતિક ચાવી), કસ્ટમર આઈડીઝ (ગ્રાહક સેવાનો સાંકેતિક નંબર) અને પ્રણાતી (સીસ્ટમ)માં બીજી બાળતોની જાણકારી હોય તેવા ડીજીટલ વીલ્સ (વસિયતનામા) પણ બનાવી શકાય છે.

૭. મહિલાઓએ ઉછીના લીધેલા અને આપેલા નાણા, લેણદાર - દેણદારના સરનામા, વ્યાજના દર, લાંબા ગાળાના રોકાણો, વાહન સબંધી

*અનુસંધાન ૧૬મા પાને*

॥શ્રી આદિનાથાય નમઃ॥ ॥શ્રી અજીત નાથાય નમઃ॥ ॥શ્રી ચન્દ્રપ્રભુ સ્વામી નમઃ॥ ॥શ્રી ગોડીયા પાર્શ્વનાથાય નમઃ॥

# વાવાલાપરા
# વાંકુ - વારાપધર - લાલા - પરજાઊ - રાપર ગઢ
# નૂતન નાની પંચતીર્થી

આપણે સૌ ઉજવીએ....

પર્વાધિરાજ પર્યુષણ પર્વ તા. ૨૩ /૮ થી ૩૦ / ૮ ને માદરે વતન કચ્છમાં.॥!!

રૂડી આરાધના બાદ, પાંચે ગામના આપણા સર્વ સ્થાનિક વસવાટ કરતા અને દેશ - દેશાવરથી પધારેલા જ્ઞાતિજનો સહુ સાથે મળી સામૂહિક ખમત ખામણા કરશું વારાપધર/ રાપર તીર્થે રવિવાર તા. ૩૧.૦૮.૧૪ના રોજ

અને ચૈત્ય પરિપાટી રૂપે વિવિધ જિનાલયોને જુહારતાં જુહારતાં... અચલગચ્છાધિપતિ આ.ભ. પ.પૂ. ગુણોદય સાગર સુરિશ્વરજી મ.સા. યુવાચાર્ય પ.પુ. કલાપ્રભસાગરજી મ.સા.ને વંદન કરી,

પુન : આપણા ગંતવ્ય તરફ પ્રસ્થાન કરશું

તો, હવે રખે મોડું કરતા આવાગમનની વ્યવસ્થા કરવામાં.॥!! અને હા, આપણને સુવિદિત છે... જ .... કે ૬૦ દિવસ પૂર્વે રેલ્વે રીઝર્વેશન શરૂ થાય છે. તો આ અંક આપના હાથમાં આવે ત્યારે સમય થઈ ગયો હશે, ટિકીટો કઢાવવાનો

અને હાં....!

રૂડા પર્વાધિરાજની આરાધના બાદ અને દિપાવલી પર્વ પૂર્વે, અનુકુળતાએ વાવાલાપરાનો મેવાવડો - મુંબઈ સ્નેહ મિલન ગોઠવાનું પણ નક્કી જ છે.

તો, આવો, સૌ મળી....

ઉજ્જવળ પરંપરાને કરીએ ઊજાગર...!!

અબડાસાની નુતન નાની પંચતીર્થ શ્રી વાંકુ તીર્થ - વારાપધ્ધર તીર્થ - શ્રી લાલા તીર્થ - પરજાઉ તીર્થ - રાપર ગઢવારી તીર્થ

**ચીમન મોતા: 09322220708,** **કલ્પેશ મોતા : 09821230802**
**દામજી નરશી સોની: 25646566,** **કુસુમકાન્ત દંડ : 09322897342**
**ગુલાબ ધમજી દંડ: 09824097078** **ઉદય ભોજરાજ નાગડા (રાપર) : 09769404992**
**કેતન દંડ (પરજાઉ): 09987329999** **નવિન હીરજી દંડ (વેરાવળ) લાલા : 09726939393**
**રમેશ ટી સોની (વાંકુ): 09820034251** **અરવિંદ લાલજી લોડાયા (વારાપધર): 09825634649**

|| શ્રી ક્ષેત્રપાળ દાદાય નમઃ || || શ્રી ચિંતામણી પાર્શ્વનાથાય નમઃ || || શ્રી પદ્માવતી દેવ્યૈ નમઃ ||



# ભારત દેશે... કર્ણાટક રાજ્યે... ગદગ નગરે...
# શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જિનાલયે...
# શતાબ્દી મહોત્સવે પધારવા આગોતરૂં આમંત્રણ

સ્નેહ નિમંત્રણ







**- મંગલ આશિષ... આજ્ઞા એવં વાસક્ષેપ -**
**અખંડ ૪૬-૪૬ વર્ષીતપના આરાધક પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગર સૂરીશ્વરજી મ.સા.**

દિવ્ય કૃપા : **આગમ અભ્યાસી પ.પૂ. સાધ્વીશ્રી મુક્તિશ્રીજી મ.સા.** તથા **શાસન પ્રભાવિકા પ.પૂ. સાધ્વીશ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા.**
શુભ નિશ્રા : **પ.પૂ. સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.** તથા **પ.પૂ. સાધ્વીશ્રી હિમાંશુશ્રીજી મ.સા.**

***ધર્માનુરાગી સ્નેહી શ્રી........***

જય જિનેન્દ્ર ! સહર્ષ જણાવવાનુ કે શ્રી દેવગુરૂ ધર્મની અસીમ કૃપાથી તથા અમારા પુણ્યોદયે અમારા પૂજ્ય વડીલોએ બનાવેલ **શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જિનાલયનો શતાબ્દી મહોત્સવ** ઉજવવાનો અમૂલ્ય અવસર શ્રાવણ સુદ ૭ ને શનિવાર તા. ૨-૮-૨૦૧૪ થી શ્રાવણ સુદ ૧૧ ને બુધવાર તા. ૬-૮-૨૦૧૪ સુધી અમારા આંગણે આવી રહ્યો છે. આ મહામૂલા પ્રસંગે **પ.પૂ.આ.ભ.ગુણોદયસાગર સૂરીશ્વરજી મ.સા.** ની અસીમ કૃપાથી અમોને **પ.પૂ. સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા** તથા **પ.પૂ. સાધ્વીશ્રી હિમાંશુશ્રીજી મ.સા.** ના આ વર્ષનાં **ચાતુર્માસનો** લાભ મળેલ છે. પ.પૂ. સાધ્વીશ્રીજી ખંડવાથી ઉગ્ર વિહાર કરીને ગદગ મધે ચાતુર્માસ કરવા પધારી રહ્યા છે એ શ્રી સંઘનું સૌભાગ્ય છે. **પ.પૂ. ગુરૂજીના પ્રવેશ** તથા **શતાબ્દી મહોત્સવ** પ્રસંગે પધારવાનું આમંત્રણ પાઠવતાં અમે હર્ષની લાગણી અનુભવીએ છીએ. ચાતુર્માસ દરમિયાન પૂજ્યશ્રી ના દર્શન-વંદન તથા વ્યાખ્યાન વાણીનો લાભ લેવા વિનંતી.

કાર્યક્રમની તથા ચઢાવાની સૂચિ આ પત્રમાં પાછળ આપેલ છે. **પ.પૂ. સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. આદી ઠાણા ૨** ના ગદગ પ્રવેશ વખતે - **૧) પ.પૂ. સાધ્વીશ્રીજી મ.સા.ના ગુરૂ પૂજનનો તથા કામળી વહોરાવવાનો ચઢાવો/આદેશ અપાશે. ૨) નૂતનધ્વજ દંડ પૂજન સાથે નૂતન મુખ્ય ધ્વજાનો ચઢાવો** તથા **રંગમંડપ તથા ક્ષેત્રપાળની ધ્વજાનો ચઢાવો બોલવાની શરૂઆત કરવામાં આવશે. અંતિમ આદેશ શ્રાવણ સુદ ૮ તા. ૩-૮-૨૦૧૪ ના રોજ આપવામા આવશે.**

## આ શુભ પ્રસંગે સહ કુટુંબ પધારી શાસનની શોભામાં અભિવૃધ્ધી કરવા વિનંતી.

મહોત્સવ દરમિયાન સંપૂર્ણ દિવસની સાધર્મિક ભક્તિની વ્યવસ્થા રાખવામાં આવેલ છે તથા બહારગામથી પધારનાર મહેમાનોની ઉતારાની વ્યવસ્થા રાખવામાં આવેલ છે. આપશ્રીનાં આગમનની જાણ અમોને આગાઉથી કરવા નમ્ર વિનંતી.

લિ. શ્રી ક.દ.ઓ. જૈન મહાજન વતી દેરાસર શતાબ્દી મહોત્સવ સમિતિ


**શ્રી નવીનચંદ શામજી લાલકા**
પ્રમુખ
09945667500

**શ્રી સતીશ પ્રવીણચંદ લુઠીયા**
કાર્યદર્શી
09845258214

**શ્રી ચંદ્રકાંત લાલજી લોડાયા**
ખજાનચી
09945299989



**શ્રી હરીશ શિવલાલ મુનવર**
ઉપપ્રમુખ - મહાજનશ્રી
09341319295

**શ્રી સુધીર જવેરચંદ સોની**
સહકાર્યદર્શી - મહાજનશ્રી
09886198668




શતાબ્દી મહોત્સવ સમિતિના સર્વે સભ્યો, મહાજનશ્રીની કારોબારી સમિતિના સર્વે સભ્યો
તથા ગદગ નિવાસી સર્વે પરિવારજનોના જય જિનેન્દ્ર


દેરાસર કાર્યાલય : 08372-235962, 08861015757, દિનેશ ધરમશી - 09590099029

## કાર્યક્રમની સૂચિ

**શ્રાવણ સુદ ૭ તા. ૨-૮-૨૦૧૪ :** સવારના ૮-૩૦ વાગે કુંભ સ્થાપના, અખંડ દીપક સ્થાપના, જ્વારા રોપણ, દશ દિક્પાલ પૂજન, અષ્ટમંગલ પાટલા પૂજન વગેરે. રાત્રે ભક્તિ ભાવના સંગીતકાર દ્વારા.

**શ્રાવણ સુદ ૮ તા. ૩-૮-૨૦૧૪ :** સવારના ૮.૩૦ વાગે ૧૦૮ પાર્શ્વનાથ પૂજન તથા તે દરમિયાન નૂતન શતાબ્દી ધ્વજાનો મહામૂલો આદેશ. રાત્રે શ્રી મહાકાળી માતાજીની ભક્તિ ભાવના ઈત્યાદી.

**શ્રાવણ સુદ ૯ તા. ૪-૮-૨૦૧૪ :** સવારના ૮-૩૦ વાગે હાથી ઘોડા સાથે રથ યાત્રા. બપોરના અઢાર અભિષેક. રાત્રે ભક્તિ ભાવના તથા સંગીત કાર્યક્રમ.

**શ્રાવણ સુદ ૧૦ તા. ૫-૮-૨૦૧૪ :** સવારના સત્તરભેદી પૂજા સાથે નૂતન ધ્વજદંડની સ્થાપના તથા ધ્વજારોહણ. બપોરના ૧૧-૩૦ વાગે બહુમાન સમારંભ. રાત્રે ૭-૦૦ વાગે શ્રી કુમારપાળ રાજાની ૧૦૮ દીવાની મહાઆરતી.

**શ્રાવણ સુદ ૧૧ તા. ૬-૮-૨૦૧૪ :** સવારના વહેલા શુભ મુહૂર્તે દ્વારોદ્‌ઘાટન. સવારના ૮-૩૦ વાગે બૃહદ્ શાંતિ સ્નાત્ર પૂજન તથા મંદીરના પરીસરમાં ધારાવલી.

## શતાબ્દી મહોત્સવ પ્રસંગે બોલવાના ચઢાવાની યાદી

૧) કુંભ સ્થાપના.
૨) અખંડ દીપક સ્થાપના.
૩) જ્વારા રોપણ.
૪) નવગ્રહ પાટલા પૂજન.
૫) દશ દિક્પાલ પૂજન.
૬) અષ્ટ મંગલ પાટલા પૂજન.
૭) ૧૦૮ પાર્શ્વનાથ પૂજન - ૨૭ નકરા દરેક નાં ₹ ૨૫૦૦/-.
૮) નૂતન ધ્વજ દંડ સાથે નૂતન મુખ્ય ધ્વજા.
૯) બાકીની બે ધ્વજા રંગમંડપ તથા ક્ષેત્રપાલની ધ્વજા.
૧૦) દરરોજ આરતી, મંગળ દીવો.
૧૧) પૂજન દરમિયાન શાંતિ કળશ, આરતી-મંગળ દીવો.
૧૨) ૧૮ અભિષેક દરમિયાન સૂર્ય-ચંદ્ર દર્શન.
૧૩) બૃહદ્ શાંતિ સ્નાત્ર પૂજન - ૨૭ નકરા દરેક નાં ₹ ૨૫૦૦/-
૧૪) વારાણસી નગરી.
૧૫) ભરત ચક્રવર્તી ભોજનખંડ.
૧૬) પત્રિકામાં લિખિતંગ.
૧૭) રથ યાત્રામાં.
   ૧) નગર ધારાવલી.
   ૨) પ્રભુજીને ખોળામાં લઈ બેસવાનો.
   ૩) હાથી-ઘોડાની ઉપર બેસવાનો.
   ૪) ધૂપ-દીપ-ચામર-ઝાલર.
   ૫) ધ્વજા સાથે લઈ ઘોડા ઉપર બેસવાનો.
   ૬) પાછા ફરી પ્રભુજીને પોંખવાનો.
૧૮) આંગી ભરાવવાના નકરા (પાંચ દિવસ).
૧૯) કુમારપાળ રાજાની મહાઆરતી.

નોંધ : ચઢાવા /નકરામા કાંઈ પણ ફેરફાર થશે તો જાણ કરવામા આવશે.

| | | |
|---|---|---|
| ★ શતાબ્દી મહોત્સવના લાખેણા દાતા | - | 1,11,000/- |
| ★ શતાબ્દી મહોત્સવના આધાર સ્થંભ દાતા | - | 51,000/- |
| ★ શતાબ્દી મહોત્સવના સુવર્ણ દાતા | - | 21,000/- |
| ★ શતાબ્દી મહોત્સવના રજત દાતા | - | 11,000/- |
| ★ શતાબ્દી મહોત્સવના સહાયક દાતા | - | 5,000/- |

લાભ લેનાર દાતાઓના નામ દેરાસરમાં એક વર્ષ માટે બોર્ડ ઉપર અંકિત કરવામાં આવશે.

ભાવિકોને લાભ લેવા નમ્ર વિનંતી

JYOTI GRAPHICS, GDG. 9448422072

## આરોગ્ય માટે ઉપયોગી ટીપ્સ

ડૉ. વીરચંદ લખમશી નાગડા, મુલુંડ
મો. ૯૮૨૧૩૮૫૬૫૨

૫. શુદ્ધ મધ અજોડ ઔષધ છે. તે રસાયણ, મેદહમધના નામે જે ગળ્યા શીરપ વેચાય છે તેમાં ૮૦ ટક્કા સુગર હોય છે એમાંની ૪૦ ટક્કા ફ્રુટ સુગર હોય છે, ૦.૧ ટક્કા થી ઓછા વિટામીન, મીનરલ્સ હોય છે. આ બનાવટી મધ લેવાથી લોહીમાં સાકર વધે છે. ચોકખ્ખા મધના પ્રયોગો પરથી પણ એવું તારણ નીકળ્યું કે એનાથી સી રીએક્ટીવ પ્રોટીન અને હીમોસીસ્ટીન ન ઓછું થયું એટલે કે સોજા - ચેપ ઓછો થયા પણ લોહીમાં સાકરનું પ્રમાણ વધ્યું. શુદ્ધ મધ પણ લઈએ તો લોહીમાં સાકરનું પ્રમાણ બહુ તો નથી વધ્યું એની તપાસ કરાવતા રહેવું. ડાયાબિટીઝના દર્દીએ મધ ન જ લેવું. મધને ક્યારેય ગરમ ન કરવું. ૧ વર્ષથી નાના બાળકને મધ ન આપવું કેમકે એમાં સ્પોર્સ હોય તો બાળકને બોટુલીઝમ થઈ શકે જેમાં ઉલ્ટી, લકવો, શ્વાસોશ્વાસની તકલીફ થઈ શકે. ન્યુઝીલેંડમા મળતું "માનુકા" મધ શ્રેષ્ઠ ગણાય છે ભારતમાં એ મળે છે પણ ખાતરી ન આપી શકાય. પ્રોસેસ ક્ર્યા વગરનું ઓર્ગેનીક મધ જે ઘેરો કાળા રંગનું અને ઘટ્ટ હોય એથી જેમને પોલનની એલર્જી હોય એમણે ન લેવું, નહીં તો શરદી, ખાંસી, એલર્જીદમ થઈ શકે.

**મધની પરીક્ષા :** કાચના ગ્લાસમાં પાણી લઈ ૧ ચમચી મધ તેમાં નાંખો. પુરેપુરૂં તળીએ બેસે તો ચોખ્ખું. પાણીમાં ઓગળે તો મિલાવટી. કોરી વાટને મધમાં બોળી વધારાનું મધ ખંખેરી દિવાસળીથી સળગાવો. સળગે અને તડતડ અવાજ થાય તો અસલી. ન સળગે તો બનાવટી. બ્લોટીંગ પેપર પર મધનાં ટીપાં નાખો. મધ ચુસાઈ જાય તો બનાવટી. ચોખ્ખા સફેદ કપડાપર મધના ટીપાં નાણી પછી પાણીથી ધોઈ નાખો. કપડાપર જો પીળા દાગ રહી જાય તો બનાવટી. મધ રોટલી. બ્રેડપર લગાડી કુતરા આગળ રાખો. કુતરો એ ખાય તો બનાવટી.

***ક્રમશ :***

---

*વનિતા વિશ્વ ૧૨માં પાનાથી ચાલુ*

પુસ્તિકા, જીવન અને આરોગ્ય વીમાના દસ્તાવેજો, પેન્શનની વિગતો, શેર વગેરેના પોર્ટ ફોલીયો (પધ્ધતિસરનો સગ્રહ) સંભાળનારાની વિગત વગેરે ચોક્કસાઈ પુર્વક નોંધી રાખવી જોઈએ જેથી જરૂર પડે કુટુંબીઓને તેની ભાળ મળે તથા તે અંગે શું, કેવી રીતે કરવું તેનો ખ્યાલ આવે.

૮. જેમની સાથે નાણાકીય વહેવાટ હોય તેવી એજન્સી (પેઢી) તથા વ્યક્તિઓના નામ સરનામા અને સંપર્ક સૂત્રઃ ફોન - મોબાઈલ નંબર વગેરે હમેંશા હાથ વગા રાખવા જોઈએ.

૯. મહિલાઓએ આવશ્યકતા પ્રમાણે નાણાકીય વ્યવહાર જાળવવા તથા તે સંબંધી તકલીફો - પડકારો નિવારવા માટે એકાદ બે જાણકાર તથા ભરોસાપાત્ર મિત્ર - સગા અને વધુ વ્યવહાર હોય તો ચાર્ટડ એકાઉન્ટડ રોકવા જોઈએ.

૧૦ આવક વેરા અને હિસાબોની પાયાની જાણકારી પણ મહિલાઓને ખુબ જ ઉપયોગી થઈ શકે

વેરાઓની યોગ્ય ચુકવણી અને વ્યવસ્થિત હિસાબ રાખવા એક અર્થમાં લાંબા ગાળાનું રોકાણ છે એમ અનુભવે સમજાય છે.

નાણા વ્યવસ્થા સંભાળવી એ આવશ્યક કળા - કૌશલ્ય છે. જેનું સ્વરૂપ વ્યક્તિ - વ્યક્તિ તથા કુટુંબ - કુટુંબની આવશ્યકતાઓ પ્રમાણે અલગ રહેવાનું. એટલે આ બાબત ચોક્કસ માપદંડ કે સર્વ સામાન્ય નિયમો ન બનાવી શકાય. આ બાબત વ્યક્તિ અને કુટુંબની આવશ્યક્તાઓ પ્રમાણે જાતે નક્કી કરવાની હોય.

આ બધી વાતોનું તાત્પર્ય કાઢતા હું બધા કે.ડી.ઓ. પુરુષોને વિનંતી કરવા ચાહીશ કે તેઓ તેમના કુટુંબની સ્ત્રીઓને નાણાકીય બાબતોની પ્રાથમિક જાણકારી મેળવવા પ્રેરે. વધુ નહીં તો તેમણે પોતાના કુટુંબની નાણા વ્યવસ્થા અને વ્યવસાય અંગે તો જાણકારી હોવી જ જોઈએ.

હું કે.ડી.ઓ. મહિલાઓને પણ વિનંતી કરીશ કે તેમણૌ આવી જાણકારી પ્રત્યે ઉદાસીનતા કે હળવાશ ન રાખવી જોઈએ.

સ્વેચ્છાએ કે પુરુષ સંગાઓની પ્રેરણાથી ક.દ.ઓ. મહિલાઓના નાણાકીય બાબતોમાં સહભાગથી ક.દ.ઓ. સમુદાય નાણાકીય રીતે સધ્ધર થશે તથા તેનું ભવિષ્ય સલામત અને ઉજ્જવળ થશે.

નાણા કમાવવા મહત્વના છે, તેને બચાવવા અને અનેક ગણા વધારવા પણ વધુ મહત્વના છે.

# ગદગમાં નુતન મહાજન વાડીનું ઉદ્ઘાટન





શ્રી ક.દ.ઓ. જૈન મહાજન, ગદગ તા.૧૧/૫/૧૪ ના સવારના ૧૦વાગે અધતન નુતનીકરણ થયેલ મહાજનવાડીનું પ્રમુખશ્રી નવિનચંદ શામજી લાલકાએ ઉદ્ઘાટન કર્યું હતું. ત્યારબાદ સ્નાત્ર મંડળની બહેનો દ્વારા વાસ્તુક પૂજા તથા શાંતિ સ્નાત્ર પૂજા ભણાવવામાં આવી હતી.

પૂજા સંપન્ન થયા બાદ પ્રમુખશ્રીએ તથા ઉપ-પ્રમુખ શ્રી હરીશ શિવલાલ મુનવર અને સેક્રેટરી શ્રી સતીશ પ્રવીણચંદ લુઠીયા એ બાંધકામની જવાબદારી લેનાર શ્રી સુધીર જવેરચંદ સોની (જોઈન્ટ સેક્રેટરી)નું તથા કારીગરોનું પુષ્પગુચ્છ તથા સ્મૃતિ ચિહ્ન આપી સમ્માન કર્યું હતું. આ પ્રસંગે પધારેલ શ્રી તિલકચંદ કુંવરજી લોડાયા (ચેન્નઈ) એ બાંધકામ વિભાગમાં સહાયક શ્રી વિપુલ કાંતિલાલ મોતાનું મહાજનશ્રી વતી સન્માન કર્યું હતું. અંતે સકળ સંઘે મહાજનશ્રી દ્વારા યોજાયેલ સ્વામી વાત્સલ્યનો લાભ લીધો હતો.



**ડો. દર્શિતા વીરચંદ દંડ**

કોઠારા - મુલુંડ

## નાથાણી પરિવારનું ગૌરવ

**BACHELOR OF PHYSIOTHERAPY થયા : અભિનંદન**

અ.સૌ. અનુપમા વીરચંદ દંડની સુપુત્રી ચિ. દર્શિતા BPTH ની પરીક્ષામાં FIRST CLASS સાથે ઉતીર્ણ થઈ ડોક્ટરની માનદ પદવી મેળવેલ છે.

સફળતા સદા ચમકે તારા મસ્તકે, એ છે અમારૂં અરમાન
થાય અમારું મસ્તક ગૌરવથી ઊંચુ, જ્યારે લે કાઈ તારુંનામ
તે પાર પાડયું ઊચું નિશાન, ખુબ વધારી પરિવારની શાન,
તું અમારા ગૌરવ સમાન,
કરીએ તારું અંતરથી સન્માન

**શુભાશિષ**

દાદી - દાદા : ઝમકુબાઈ મેઘજી દેવશી દંડ

નાની - નાના : અરૂણાબેન દેસાઈ

ભાભી - ભાઈ : ચૈતાલી નીર્મળની

ભત્રીજી : મહેક

કાકા - કાકી, ફઈ - ફુઆ, મામા - મામી, માસા - માસી સમસ્ત પરિવાર

## DEVELOPMENT KDOs – 16/16

*TILAKCHAND LODAYA (Chennai) Email :ourbrotherhood@yahoo.co.in*

When expectations are strong enough, they become self fulfilling. If enough people think that land and stock prices are going to rise and all of them start buying, the price of land and stocks will indeed shoot up. If all businessmen fear a recession and stop investing, that itself will cause a recession. Expectations of better days can zoom so much that they could become self-fulfilling. Soaring animal spirits can produce quick results. **If the leading community stalwarts and important institutions take planned and target oriented decisions and Act accordingly, the growth of the community will automatically accelerate and the days will indeed get better.**

When one man can dream of improving 125 crore Indians achieve his dream by becoming the Prime Minister of India, can we 16,000 KDOs dream of, think of and improve the lives of the balance 16000 KDOs. Our task is much simpler and easier and doable than the task of Shri Narendra Modi , who has to face many insurmountable legal, structural, constitutional, political, economical and financial, regional, national and international problems. Inspite of them he has started with a bang. Share market is on the bull run. Foreign exchange is overflowing. Neighbouring countries are taken in to confidence by a diplomatic coup. The story has just started and I am sure it will go a long but successful way. India has changed and changed for good. A History in the making.

The strengths of our community at organisational level, its connectivity and interaction areas, in homogeneity, finance and prosperity, philanthropy, spirit of brotherhood and educational advancement levels are well known and need no repetition.

Our weaknesses are few and are common to many common groups of human beings. Some of these attitudinal challenges are summarised as under:

1. Individually each KDO is brilliant but in a group that brilliance fades and we end up in working at cross purposes. The people who matter have great love for their own ideas, views and opinions and have firm belief that they only are right and others who have a different view point are wrong and stupid. At the same time if they feel that some other person has a different view then they treat him as their enemy for life and try their level best, both individually and jointly, to prove him wrong by hook or crook. This has resulted in divided community and each person is labelled and branded as our person or their person. There is a trust deficit. This has resulted in total indifference on the part of large sections of the community and the spirit of " Why get in to these 'Lafdas' at all" is all prevalent. Be goodie, goodie and don't involve in any community work. If you are rich, just give some donation but remain aloof from any active participation.

2. Many have adopted Pakistan type diplomacy of hand shakes, talks, meetings, artificial smiles and apparent friendship and simultaneously resort to all dirty tricks resulting in stabbing from the back. Some want to play a role of a remote control without bringing themselves in the front and derive sadistic pleasure in watching the plight of their victim.

3. In spite of the fact that all of us follow Jain religion, our sense of Envy is so great that many of us are unable to see or hear or stand the progress and development of others, both at personal as well as social level. Hence, if you are successful in any field, without your knowledge, you create many enemies, most of whom you may not be knowing at all. And this sense of envy makes the envier to stoop to any level of maligning, including misusing the publications.

4. To few social service has become a personal brand building exercise to improve their business and family matters, e.g., For

a work of Rs. 10/ they want publicity of a work of Rs. 1,000/-. Arrival of 'Laxmi' makes few to believe that they are the wisest and others are ignorant. This discourages the real selfless social workers to come forward and render their services. Because for a person who works, there exists a chance of unintentional or intentional error or mistake. Why invite any pain without any gain whatsoever?

5. In many community organisations few people continue to be office bearers for decades. I have nothing against it. It has its advantages. But world experience shows that generally new blood with new ideas augurs well and the seniors have to play the role of mentors. This is what that is happening in BJP of 2014.

6. There are few disgruntled elements and large number of members who have rarely/hardly involved themselves in social work relating to the community but still they consider themselves as experts and indulge in loose talk on every social issue or personal issue of the social worker and pass comments, which are nothing but hearsays maligning baselessly some one or other. This has and is discouraging well meaning KDOs to become social entrepreneurs for the benefit of the community.

7. There is no encouragement to venture in to any pioneering and innovative social areas of work, because it has inbuilt element of risk of failure. If it succeeds all want ownership in success. If it fails, the community members never support or stand behind the persons involved. The concerned persons become the butts of social ridicule and humiliation. Therefore, the community is saddled with routine functions like Pehdis, Bhavnas or Poojas, tours etc. We derive pleasure in such routine functions and feel satisfied by patting our own backs as if we have done a great job.

These attitudinal and ego problems will always exist in any social group, in a smaller or a higher degree. If we want to achieve something concrete for the inclusive betterment of the community, we have to overlook them, be thick skinned and be prepared to face them and find practical and pragmatic solutions to these challenges. Take all together. SABKAA SAATH, SABKAA VIKAAS.

***- Development KDOS 16/16 part 2***


Since 1984...

**Lagna Deep**



બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઇ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)

**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી, રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા**

- રીયલ બટ કસબની સાડી બોર્ડર • પીટ્ટા તાર ભરતની સાડી
- કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
- બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઇનર સાડી
- પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

**(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)**

જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.

**Mob. : 7666688881**

**ગુરૂવાર બંધ**



લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

- સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
- રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ડ સાડીઓ.

૧, રૂપલ અપાર્ટમેન્ટ, દાદા સાહેબ ફાલકે રોડ,
દાદર (ઈ), મુંબઈ - ૧૪. ટે. ૨૪૧૬ ૪૨૩૯

**સંપર્ક: દિનેશ દેઢિયા - 92234 25676**

## સમાચાર સંકલન

સંસ્થા સમાચાર — જ્ઞાતિ સમાચાર — વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### રાયપુરમાં શ્રી કુંથુનાથ જિનાલયની ૧૩મી વર્ષગાંઠ ધામધુમથી ઉજવાઈ

શ્રી કુંથુનાથ જીનાલય રાયપુરની ૧૩મી વર્ષગાંઠ ધ્વજા મહોત્સવ વરઘોડો નીકળેલ. લાભાર્થી માતુશ્રી નિર્મલાબેન વીરચંદ છેડા પરિવાર દ્વારા ૧૭ ભેદી પુજા ભણાવામાં આવેલ. સંગીત મંડલી સાથે વિધિકાર શ્રી વિમલચંદ ગોલછાજી પધારેલ.

શ્રી મુલનાયક પ્રભુની ધજા માતુશ્રી નેણબાઈ કેશવજી શાહ પરિવાર, અચલગચ્છ ગુરૂદેવની ધ્વજાના લાભાર્થી પરિવાર માતુશ્રી હીરબાઈ મેઘજી મોમાયા પરિવાર હસ્તે સૌ. લતાબેન મણીકાંત મોમાયા - હૈદ્રાબાદ, લકી ડ્રો માં શ્રી હિરાચંદ કુંવરજી મૈશેરી પરિવાર, શ્રી શાન્તિ ગુરૂદેવની ધ્વજા ના લાભાર્થી પરિવારો આદિ ધ્વજા સુરજદેવી સોનરાજજી ગોચર એ ચઢાવેલ.

૧. મુલનાયકની આરતીના લાભાર્થી સૌ. મંજુલાબેન કુલીન જીવાણી ૭૧૧ મણ, ૨. મંગલદીપક ના લાભાર્થી સૌ. હેતલ વિશ્વાસ અને સૌ. વિરલ મોમાયા ૧૨૧૨ મણ, ૩. અચલગચ્છ ગુરૂદેવ આરતી - સ્વ. સૌ. ભીમલતાબેન પાનાચંદ લોડાયા - ૨૫૧ મણ, ૪. શાંતિ ગુરદેવ આરતી - માતુશ્રી નેણબાઈ કેશવજી શાહ પરિવાર - ૪૧૧ મણ, ૫. શાંતિ કળશના લાભાર્થી - શ્રી હિરાચંદ કુંવરજી મૈશેરી પરિવાર. ૧૦૧૧ મણ.

લાભાર્થી પરિવારો દ્વારા સ્વામીવાત્સલ્ય યોજાયું તું અનુકંપા દાન નિમિત્તે મિષ્ઠાન આશ્રમમાં દાન કરવામાં આવેલ. જ્ઞાતિજનો સાથે ધર્મ પ્રેમીઓ મોટી સંખ્યામાં હાજર રહા હતા.

### શ્રી છત્તીસગઢ ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન

શ્રી છત્તીસગઢ ક.દ.ઓ. જૈન મહાજનશ્રીની સામાન્ય સભા તા. ૧૮.૫.૧૪ના યોજાયેલ. શ્રી કુંથુનાથપ્રભુ શ્રી મહાકાલીમાતા તથા શેઠશ્રી નરશીનાથા ની છબી માલાર્પણ કરી, દીપ પ્રાગટય કરવામાં આવેલ.

અગામી જ્ઞાતિ સમ્મેલન (૪થું) માટે વિભિન્ન વિષયો પર ચર્ચા થઈ. શ્રી રતિલાલ કેશવજી શાહ, શ્રી તરૂણભાઈ શાહ, શ્રી પ્રવિણ મૈશેરી અને ઉત્તમ મૈશેરીએ પોતાના વિચારો જણાવેલ.

શ્રી મહાકાલી માતાની ભાવના જે નિયમિત રૂપે થાય છે. એની જવાબદારી શ્રી કુંથુનાથ મહિલા મંડલને સોંપવામાં આવેલ.

### અનંતછાયા જિનાલય ચલ પ્રતિષ્ઠા પ્રસંગે ધાર્મિકોની લાગણી દુભાઈ

કમ્યુનિટી વેલફેર ટ્રસ્ટના નામે જ્ઞાતિપત્રોને લખાયેલ અંગ્રેજી પત્ર પ્રમાણે અનંત છાયાનું રીડેવલપમેન્ટ થવાનું હોઈ ત્યાંના જિનાલય અને મૂર્તિઓની ચલ પ્રતિષ્ઠા રોડ પાસેના તાત્પુરતા માળખામાં અક્ષય તૃતીયા તા. ૩.૫.૨૦૧૪ના થઈ છે. જીવીસી સંઘે યોજેલ આ ચલ પ્રતિષ્ઠા નિમિતે યોજાયેલ સ્વામિ વાત્સલ્યની વ્યવસ્થા અનંત છાયા રીડેવલપમેન્ટ કમિટીના આગેવાનોએ સંભાળી હતી. વ્યવસ્થા સંભાળનારા આ આગેવાનોએ એ પણ ખ્યાલ ન રાખ્યો કે ચલ પ્રતિષ્ઠા નિમિત્તે થતા સ્વામિ વાત્સલ્યમાં કાંદા - બટાટા - લસણ જેવા પદાર્થો જૈનોને ન કલ્પે.


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલિકાઓના પ્રણેતા ®
તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

દેવ ગુરુ પસાયે પામેલ ધર્મના આચાર - વિચારને પ્રવચન પ્રભાવક રૂપે સૌને વહેંચનારા પ.પુ. મુનિશ્રી દેવરત્ન મ.સા.ની સ્મૃતિ અમર રહો.
- તન-મન પરિવાર

શિખરજીની એકમાત્ર અને સર્વ પ્રથમ આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત વાતાનુકુલીત હોટલ
SHIKHARJI Continental™
MADHUBAN - JHARKHAND
06558-232429

અગામી જ્ઞાતિ સમ્મેલનના પ્રમુખને ચુંટવા માટે શ્રી તરૂણભાઈ શાહે નામ મંગાવેલ. શ્રી રતિલાલભાઈ એ ચંદ્રેશ વીરચંદ છેડાનું નામ પ્રસ્તાવ કરેલ. શ્રી ખીમજી નેણશી મોતા, શ્રી ઉત્તમ ખીમજી મૈશેરી, શ્રી શશીકાંત વેલજી શાહ, સહિત ઉપસ્થિત સભ્યોએ સમર્થન આપેલ. અન્ય કોઈ નામ ન આવતાં સર્વ સમ્મતિથી શ્રી ચંદ્રેશ વીરચંદ છેડાને પ્રમુખ (અગામી જ્ઞાતિ સમ્મેલન - ૨૦૧૪) નિમવામાં આવેલ.

માતુશ્રી લક્ષ્મીબેન માણેકજી મૈશેરી પરિવાર દ્વારા જ્ઞાતિ સમ્મેલન માટે એક કમ્પ્યુટર સેટ તથા ફોટો ફ્રેમ નું સ્ટીલનું સ્ટેડં મળેલ.

સંચાલન અમિત હિરાચંદ મૈશેરી તથા આભાર વિધિ હિતેશ શરદ મોમાયા એ કરેલ.

### કલીકટ બડગરા મહિલા મંચ

કલીકટ બડગરા મહિલા મંચની બેઠક તા. ૨૩.૪.૧૪ ના વાસંતીબેન કુરવાના ઘરે યોજાઈ હતા. પ્રાર્થના બાદ વેલ-કમ ડ્રીક્સથી સ્વાગત કરાયું.

૧મિનીટની ગેમ રમાડેલ, તેમાં ફસ્ટ પ્રાઈઝ આશાબેન અને સેકન્ડ પ્રાઈઝ ભારતી લોડાયાને મળેલ. તે દિવસે પનીર, કોન, અને કેપ્સીકમથી બ્રેક ફાસ્ટ સિવાયની વસ્તુ બનાવવાની હતી.

ફસ્ટ પ્રાઈઝના વિજેતા દુલારી એન ખોના, સેકન્ડ પ્રાઈઝ ના વિજેતા વાસંતી એ કુરવા અને થંર્ડ પ્રાઈઝના વિજેતા રમીલાબેન એન વિજેતા હતા. વાસંતીબેન કુરવાએ આમળાના હલવાની રસીપી કહી હતા.

### શ્રી ક.દ.ઓ.જૈન મહાજન , ગદગ

દેરાસરનાં શતાબ્દી મહોત્સવ નિમિત્તે વૈશાખ વદ ૧૦ તા.૨૩/૫/૧૪ નાં રાત્રે ૮ વાગે દેરાસર માં શ્રી નવકાર મહામંત્રનાં જાપ રાખવામાં આવેલ. ત્યારબાદ આરતી દીવો ઉતારવામાં આવ્યા. જેના લાભાર્થી અનુક્રમે શ્રી લાલજી માણેકજી લોડાયા (૬૧ મણ) તથા ઉષાબહેન હરીશ મુનવર (૫૧ મણ) હતા. મહાજનશ્રી તરફથી શ્રીફળ પ્રભાવના કરવામાં આવી હતી.

## તારાચંદભાઈ છેડા પ્રધાનમંડળમાં



જાણીતા જૈન આગેવાન અને માંડવી - મુન્દ્રા વિસ્તારના ધારાસભ્ય શ્રી તારાચંદભાઈ છેડાનો શ્રી નરેન્દ્ર મોદીના અનુગામી ગુજરાતના મુખ્ય પ્રધાન આનંદીબેન પટેલ દ્વારા ગુજરાત સરકાર પ્રધાનમંડળમાં સમાવેશ કરાતા જૈન સમાજમાં આનંદની લહેર પ્રસરી છે. શ્રી છેડા વર્ષોથી માનવસેવા અને જીવદયા પ્રવૃતિઓ સાથે સતત સંકળાયેલા રહ્યા છે.

તેમણે લોકસેવાનાં અનેકવિધ કાર્યો કર્યા છે. શ્રી તારાચંદભાઈની કદર કરી, તેમને કુટિર ઉદ્યોગ, મીઠા ઉદ્યોગ અને ગૌસંવર્ધક ખાતા સોંપી રાજ્યકક્ષાનાં પ્રધાન બનાવ્યા છે.

સર્વ સેવા સંઘ અને ક.વિ.ઓ. જૈન મહાજનશ્રી ભુજના માધ્યમથી પશુ અને માનવસેવા ક્ષેત્રે કચ્છ - બૃહદ કચ્છમાં જાણીતા શ્રી તારાચંદ છેડા એ પોતાની ૩૫ વર્ષે લાંબી રાજકીય સફરમાં કચ્છ જિલ્લા પંચાયતના ઉપ પ્રમુખ (૧૯૮૦), અબડાસાના ધારાસભ્ય (૧૯૯૦), કચ્છ જિલ્લા ભાજપ પ્રમુખ (૨૦૦૫), માંડવી - મુન્દ્રાના ધારાસભ્ય ૨૦૧૨) અને હવે રાજ્યકક્ષાના પ્રધાન (૨૦૧૪) વગેરે પદ શોભાવ્યા છે.

જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત
શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર (વરાડીયા-મલકાપુર)
M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.
Asia's First ISO 9001:2000 Certified Gin Press

## શબ્દાનંદ



### આડી ચાવી

૧. કુંકુ રાખવાની પ્યાલી (૪)
૪. સુસજજ, કમર પટ્ટો (૫)
૮. અશોભનીય પરિણામ (૩)
૧૦. રમવાની એક ગોળાકાર ચીજ (૨)
૧૧. ઉત્તમ, સુંદર (૩)
૧૩. સારો નરસો દહાડો (૫)
૧૫. કપાળ, લલાટ (૨)
૧૬. પુષ્કળ (૨)
૧૮. વિસાત, પુંજી (૪)
૨૦. તાત્પર્ય, સારાંશ (૨)
૨૨. દેશ - વિદેશ (૬)
૨૪. કોઈ કામ શરૂ કરવાનો શુભ સમય હિન્દીમાં (૪)
૨૭. અપરાધીને થવી જ જોઈએ (૨)
૨૯. કડું, કંકણ (૩)
૩૧. એક જંગલી પ્રાણી, તરસ (૩)
૩૩. મજા, રસ (જોડણી છુટ) (૩)
૩૪. તે ઠેકાણે ત્યાં (૨)
૩૬. શીખવવાની આવડત, કેળવણી (૩)
૩૭. કમાણી, ફાયદો (૨)

### ઊભી ચાવી

૧. કલેશ, કજિયો (૩)
૨. બાર મહિનાનો સમય (૩)
૩. ગુણદોષની સમાલોચના (૨)
૫. મંદ મંદ હસવું તે (૬)
૬. .... કયાં જાનો અદરખકા સ્વાદ (૩)
૭. બોધ, (૨)
૯. પ્રશ્ન (૩)
૧૨. મહેરબાની, કૃપા (૩)
૧૪. પોળ, મહોલ્લો (૨)
૧૫. રાંધેલા ચોખા (૨)
૧૭. કાવતરું, પ્રપંચ (૪)
૧૮. ખબર પડેલું, જાણેલું (૩)
૧૯. પાણીનું મોજું (૨)
૨૦. ભલું, નરમ સ્વભાવનું (૩)
૨૧. ત્રણ રતી જેટલું તોલ (૨)
૨૩. એક... હો સપનોંકા (૩)
૨૫. કસબ, કારીગરી (૩)
૨૬. દેખાય એવી બારીક ફાટ (૨)
૨૮. જુલમી, નિર્દય (૩)
૨૯. મૂળ દેશ કે ગામ (૩)
૩૦. જૈન સાધુ (૨)
૩૧. જીદ, હઠ (૨)
૩૨. ઠોકર, ચુક (૨)
૩૫. બોલાવવા માટેની બુમ

- *વનિતા નાગડા*



**NUMBER GAME**

**IN THIS BOX, YOU HAVE TO FILL FOLLOWING NUMBERS :**

**2 Digit Nos :** 17, 18, 22, 24, 25, 29, 31, 34, 43, 54, 62, 72, 76, 83.

**3 Digit Nos :** 182, 326, 716, 833, 912.

**4 Digit Nos :** 1594, 1914, 1324, 2561, 5419, 6452, 7339, 8294, 9124, 9554.

**5 Digit Nos :** 16416, 18273, 21938, 43142, 47396, 46721, 54337, 52675, 93142.

**6 Digit Nos :** 312675, 378289, 412375, 535691, 894168



**Your living is determined not so much by what life brings to you as by the attitude you bring to life; not so much by what happens to you as by the way your mind looks at what happens.**

*- Kahill Gibran*

| **નવા/બદલાયેલા સરનામા–** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું) |
|---|

| | |
|---|---|
| **ચંદ્રસેન પાનાચંદ શાહ** | બી - ૧૦૮, પહેલા માળે, જય ગણેશ કૃપા, કો.ઓપ.હા.સો.લિ, રોટરી ક્લબ અને સુયોગ હોસ્પીટલની સામે, જૈન મંદિરની પાછળ, રઘુવીર નગર, માનપાડા ક્રોસ રોડ, ડોંબિવલી (પુ) ૪૨૧૨૦૧ |
| **મિલન એચ પટેલ** | ફ્લેટ નં. ૫૦૪, બિલ્ડીંગ નં. -એમ - ૪, નક્ષત્રમ, પ્રેમલોક પાર્ક, ચિંચવડ પુના - ૪૧૧૦૩૩ |
| **વેલબાઈ ટોકરશી લાલકા** | એ - ૩, ગોવર્ધનધામ, પ્લોટ નં. ૧૨૧, હોટલ પુષ્પા વિહારની સામેની ગલ્લી, ગારોડીયા નગર, ઘાટકોપર (પુ), મુંબઈ - ૪૦૦૦૭૭ |

## નવા/બદલાયેલા ફોન નંબર

| | | | |
|---|---|---|---|
| **ચંદ્રસેન પાનાચંદ શાહ** | 09820692403 | **વેલબાઈ ટોકરશી લાલકા** | 09323532444 |

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતિ અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૭.૦૪.૧૪ | ડોંબિવલી | કેયાન-તૃપ્તી/રીતેશ જિતેન્દ્ર લોડાયા | વારાપધર | પુત્ર |
| ૦૫.૦૫.૧૪ | ડોંબિવલી | ક્રિયાશ-હેમલ/ધૈર્ય રમેશ લોડાયા | મંજલ રેલડીયા | પુત્ર |
| ૦૭.૦૫.૧૪ | અંકલેશ્વર | હર્ષિત-શેફાલી/દિપેશ નવિનચંદ લોડાયા | લાલા | પુત્ર |

### સગપણ (ભુલ સુધાર)

| | | | | |
|---|---|---|---|---|
| ૦૧.૦૫.૧૪ | ડોંબિવલી | રાજીવ વિનય હંસરાજ ધરમશી | ભરૂડીયા | ૨૫ |
| | ડોંબિવલી | રિદ્ધી ગિરીશ વીરજી ડાઘા | દલતુંગી | ૨૪ |

### આંતર જ્ઞાતીય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૨.૦૫.૧૪ | સચિન | અક્ષય/રાકેશ નિર્મલ ગુપ્તા | કલકત્તા | ૨૭ |
| | સુરત | માનસી પરેશ પ્રભુલાલ ખોના | મોટી ખાવડી | ૨૫ |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૨૪.૦૫.૧૪ | મુલુંડ | આદિત્ય ચંદ્રેશ ભવાનજી દંડ | લાલા | ૨૮ |
| | મુલુંડ | જસ્મીલી હિરાલાલ ઝવેરચંદ ધુલ્લા | તેરા | ૨૫ |

### આંતર જ્ઞાતિય લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૨૨.૦૪.૧૪ | - | મિત મહેન્દ્રા મોતા | રાપર | - |
| | - | હરિતા પ્રકાશ રેવા શંકર જોશી | અંજાર | - |

### છુટા છેડા

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩.૦૪.૧૪ | વાપી | અંકિત કાર્તીક ભવાનજી ખોના | જખૌ | ૩૧ |
| | રોરકેલા | રચના શ્રીકાંત પુરુષોત્તમ સંઘવી | સમાગોઘા | ૩૧ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૫.૦૫.૧૪ | મુલુંડ | જેઠાલાલા લાલજી મેઘજી ધરમશી | રંગપુર | ૮૫ |
| ૨૬.૦૫.૧૪ | ભાંડુપ | હિરબાઈ ગોવિંદજી ટોકરશી ખોના | જખૌ | ૮૪ |
| ૨૬.૦૫.૧૪ | ડોંબિવલી | વનિતા ધનકુમાર મુલચંદ લોડાયા | મોટી ખાવડી | ૪૪ |
| ૨૬.૦૫.૧૪ | ભાંડુપ | દમયંતી મણીલાલ લખમશી ધરમશી | કોઠારા | ૭૭ |
| ૩૦.૦૫.૧૪ | ડોંબિવલી | રતનબેન લખમશી ગાંગજી લાપસીયા | દલતુંગી | ૮૧ |

**C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640**
Postal Regd. No.MH/MR/East/53/2012-14 (day of publication every Friday
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

# મૌનની વાણીનો દિવ્ય સ્પર્શ !



**આ શબ્દ હવે છુટે તો સારું.**
**મૌન સુધીના મારગ માંડ મળ્યા છે,**
**વાટ ખુટે તો સારું.**
**- માધવ રામાનુજ**

શબ્દ માણસની શોધ છે અને મૌન પ્રકૃતિનું મહામૂલું નજરાણું. શબ્દ ન હતો ત્યારે પણ મૌન હતું અને વિશ્વ નિ:શબ્દ થઈ ગયું હશે ત્યારે પણ મૌન હશે. આપણે વિચારવાનું છે એ બે મૌન વચ્ચેના મૌન વિશે. મૌન ઘૂંટાયા પછી શબ્દની જે રતુંબડી કૂંપળો ફૂટે છે તે અભિવ્યક્તિના દ્વાર ઉઘાડી આપતી હોય છે, પણ શબ્દ જ્યારે ભીતરના કોલાહલમાંથી આવે છે ત્યારે તે નકામાં ઘાસ જેમ ઊગી નીકળતા હોય છે અને વાણીવિલાસનું ઓઠું બને છે.

પ્રત્યેક ક્ષણે અવકાશમાં વીંઝાતા આવા અગણિત શબ્દો કશું પ્રગટાવ્યા વગર સળગી બુઝાઈ ગયેલા - ન સળગેલા દીવાસળીના ટોપકાથી વિશેષ નથી. તે પોતનો પ્રકાશ પોતાનામાં લઈને એ વિરમી જતા હોય છે. એમનું હોવું એમના વિરમ્યા પછી અન્ય રીતે ચાલુ રહી શકતું નથી. કશું જ કર્યા સિવાય - નિરર્થક સળગીને એ બુઝાઈ જાય છે. દીવાસળીના ટોપકાથી સાર્થકતા એક ક્ષણ માટે સળગી કશુંક પ્રગટાવી જવામાં છે. એ રીતે જ્યોત પ્રાગટ્યમાં નિમિત્ત બનેલી દિવાસળી ધારો કે પછી કોઈને યાદ ન આવે તો પણ શું ? પોતાનું કામ કરી વીસરાઈ તો પણ જ્યોત પ્રકાશ પાથરતી રહે ત્યાં સુધી એ એની સાથે જ રહે છે - ઉજાસરૂપે.

શબ્દને ભાવ સાથે નિસબત છે, અભાવ સાથે નહીં. જેનો વિસ્તાર મૌન સુધી ન થઈ શકે તેવો શબ્દ વૈખરી વાણીનું પ્રતિનિધિત્વ કરે છે. મૌન અને વાણી વચ્ચેનો સંબંધ આકાશ અને ધરતી જેવો છે. તેઓ પરસ્પર જોડાયેલાં લાગે છે તો પણ અલગ છે. વાણીને માર્યાદા છે, જ્યારે મૌન નિ:સીમ, પણ ચુપકીદી એ મૌન નથી. ઊલટું એ તો વધુ બોલકી હોય છે. નિ:શબ્દ હોવું એ સ્થિતિ દરેક સંજોગમાં મૌનની સ્થિતિ ન હોઈ શકે. નિ:શબ્દ હોવું અને મૌન હોવું એ બેમાં ખાસ્સો ફરક છે.

તો મૌન શું છે ? મૌન એટલે સમગ્ર ચેતનાનું પ્રજ્ઞામાં સ્થિર થવું. શબ્દમાં અર્થ છે તેનો ભાવ સમજણના વિવિધ સ્તરે વધુ ને વધુ આત્મસાત્ થતો રહી ચેતનાનો અંશ બની રહે તે મૌન છે. એવું બને પછી ભાવ શબ્દને અતિક્રમી જઈ શાશ્વત બની રહે છે અને તેને સમાવતી ક્ષણો ચિરંજીવી.

આ સંદર્ભમાં આપણે કોઈ પણ મંત્રની વાત કરીએ તો મંત્રનો જાપ પ્રથમ આંગળીઓ વચ્ચે સરકતા પારાથી થાય છે. પછી એના શબ્દ ક્રમશ: વાણીમાં ઊતરતા જઈ આત્મસાત્ થતાં કોઈ ક્ષણે ચેતનામાં સ્થિર થાય છે. પછી બોલીને એનું રટણ કરવાની જરૂર પડતી નથી, કારણ કે તે સ્વયં શાશ્વત મૌનનો અંશ બની જાય છે. ચેતનામાં રસાઈ ગયેલા મંત્રના શબ્દો હોઠથી ન બોલાતા હોય તો પણ ચિત્તમાં એનો જાપ સતત થયા કરે છે. પછી શરીર ગમે તે કાર્યમાં રોકાયેલું હોય તો પણ એ શ્વાસોચ્છ્વાસની જેમ ચાલ્યા કરે છે.

આ રીતે થતો મંત્રજાપ આત્માનું પોષણ કરે છે. મૌન સહજ સમાધિમાં પરિણમે એવી ઊજળી શક્યતાઓ સર્જાય છે. મૌનમાં જેટલું ઊંડાણ એટલી ચેતના પણ ઊંડા સ્તરેથી પ્રગટે છે અને સાવ અણધારી - અલૌકિક રીતે ન જાણે કેટકેટલાં અણ ઉકલ્યાં રહસ્યોને કાનમાં કહી જતા હોય છે.

**- બકુલ દવે, અક્ષય પાત્ર કોલમ,**
**દિવ્ય ભાસ્કર માંથી સાભાર**

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI (Owner)** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078.
Editor : **Raichand R. Nagda**

To,